# સોરઠ વિશાશ્રીમાળી

SORATH VISASHRIMALI - RNI NO.: 22805/73

Vol. No. : 51 ❖ Issue : 04 ❖ Pages : 36 ❖ Mumbai ❖ June 2023❖ Price : Rs.8/-









# સ્મરણાંજલી



જન્મ:
તા. ૨૬-૦૨-૧૯૫૨

અરિહંત શરણ :
તા. ૧૮-૬-૨૦૧૭

## સ્વ. શ્રીમતી રશ્મિબેન લલિતભાઈ રામાણી

દરિયાદિલી જેના શ્વાસોશ્વાસમાં હતી
પરોપકાર જેના પગલામાં હતો
કરૂણાં જેમના હૃદયમાં હતી
કોઈના સુખે સુખી અને કોઈના દુ:ખે દુ:ખી
એવો જેમનો જીવનમંત્ર હતો...
હે પરમકૃપાળુ પરમાત્મા આવા સરળ, પ્રેમાળ, મિલનસાર
આત્માને સાચી શાંતિ આપજો...

### પ્રેમાળ પરિવાર

લલિતભાઈ મુળજીભાઈ રામાણી
નિકુંજ-સોનલ, આશિષ-કિંજલ, કાજલ-મેહુલ
દર્શિત, હેતાંશ - હેનીલ,સાન્વી - વિરાલી, રાજવી
(મુળવતન લાખાપાદર)

### પિયર પરિવાર

સ્વ.શ્રી પોપટલાલ દુર્લભજી દોશી પરિવાર
(જૂનાગઢવાળા)

**નિવાસ સ્થાન :**
૩૧/એ, ધનલક્ષ્મી સોસાયટી, શ્રી સદન એપાર્ટમેન્ટ, ગોપાલ ટાવર સામે,
મણીનગર, અમદાવાદ - ૩૮૦૦૦૮. ફોન : ૦૭૯-૨૫૪૬૫૨૨૦, ૯૮૨૫૨૫૪૯૦૦

## શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ

**શ્રી તારાચંદ ધનજીભાઈ મહેતા કાર્યાલય,**
૪, દેવકરણ મેન્શન, બિલ્ડિંગ નં.૭, બીજે માળે,
૨૪, વિઠ્ઠલદાસ રોડ, મુંબઈ - ૪૦૦૦૦૨.
ફોન : ૦૨૨ - ૨૨૦૬૯૧૭૨
સમય : બપોરે ૧ થી સાંજે ૬ (1.00 pm to 6.00 pm)
Email : svjainsamajmumbai2@gmail.com
data@svjainsamaj.com www.svjainsamaj.com
**તંત્રી : શ્રી રાજેન્દ્ર ઓત્તમચંદ પુનાતર - મો.: ૭૦૨૧૨૦૧૨૮૦**



### સમાજની કારોબારી સમિતિ

| | |
|---|---|
| શ્રી કિરીટકુમાર પ્રભુલાલ મહેતા | પ્રમુખ |
| શ્રી મહેશભાઈ મથુરાદાસ સાવડીયા | ત.ભૂ. પ્રમુખ |
| શ્રી ધીરેનભાઈ દેવચંદ વસા | ઉપપ્રમુખ |
| શ્રી આશિષભાઈ વિનોદરાય મહેતા | માનદ્‌મંત્રી |
| શ્રી પરિમલભાઈ મનસુખલાલ ભીમાણી | માનદ્‌મંત્રી |
| શ્રી યોગેશભાઈ વિનોદરાય વોરા | ખજાનચી |
| શ્રી રાજેન્દ્રભાઈ ઓત્તમચંદ પુનાતર | મુખપત્ર તંત્રી |
| શ્રી મહેશભાઈ કાંતિલાલ વોરા | સભ્ય |
| શ્રી કિશોરભાઈ લાલચંદ રામાણી | સભ્ય |
| શ્રી જયંતભાઈ ચુનીલાલ દોશી | સભ્ય |
| શ્રી સંજયભાઈ ધનસુખલાલ મહેતા | સભ્ય |
| શ્રી કીર્તિભાઈ રસિકલાલ વસા | સભ્ય |
| શ્રી કમલભાઈ કાંતિલાલ દોશી | સભ્ય |
| શ્રી અતુલભાઈ ધનજીભાઈ વસા | સભ્ય |
| શ્રી જયેશભાઈ શરદચંદ્ર વસા | સભ્ય |
| શ્રી શૈલેષભાઈ વ્રજલાલ વોરા | સભ્ય |
| શ્રી જયેશભાઈ ચુનીલાલ વસા | કો-ઓપ્ટ |
| શ્રી પ્રવિણચંદ્ર ચીમનલાલ વોરા | કો-ઓપ્ટ |



BANK DETAILS :
**Name : SHRI SORATH VISA SHRIMALI JAIN SAMAJ**
**BANKER :** Bank of Baroda, M. J. Market, Mumbai - 3
S.B. A/c No. 03870100000044
**IFSC :** BARB0BULLIO MICR : 40012047

**Name : SORATH VISA SHRIMALI JAIN SAMAJ TRUST**
**BANKER :** Union Bank of India
Princess Street, Mumbai - 400002.
S.B. A/c. No. 319102010054364
**IFSC :** UBIN0531910

કાનૂની કાર્યક્ષેત્ર મુંબઈનું રહેશે
Auditor : Viren Vasa & Associates
Chartered Accountants, Mumbai

લવાજમ દરો ભારતમા આજીવન : રૂા.૨૭૦૦/-
પરદેશમાં (ફક્ત વાર્ષિક) : USD 20 Yearly

મુદ્રણ અને પોસ્ટિંગ : લક્કી પ્રિંટર્સ
૪૦, મહેતા ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, લિબર્ટી ગાર્ડન ક્રોસ રોડ નં.૩,
માલાડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૪.


## ઈનામ વિતરણ

એકેડેમિક વર્ષ ૨૦૨૨-૨૦૨૩ના પારિતોષિકના વિતરણના લાભાર્થી પરિવાર.

આપણા સમાજના ભાઈબીજ સ્નેહ સંમેલનમાં, મળેલ તમામ માર્કશીટમાંથી વર્ગ અનુસાર પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન પર આવતા વિદ્યાર્થી ભાઈ બહેનોને ઈનામ આપવામાં આવે છે. ધોરણ ૧ થી લઈને પોસ્ટ ગ્રેજ્યુએટ સુધીના વિદ્યાર્થી ભાઈ બહેનોએ તા.૩૧-૦૮-૨૦૨૩ સુધીમાં માર્કશીટની કોપી સમાજની ઓફિસે મોકલી આપવા વિનંતી છે. માર્કશીટ પાછળ વાલીનું પુરૂં નામ, સરનામું, મૂળવતન, કોન્ટેક્ટ નંબર, લખવો આવશ્યક છે. અધૂરી વિગતવાળી માર્કશીટ ઈનામને પાત્ર રહેશે નહિ. વધુ વિગત માટે કારોબારીના સભ્ય **શ્રી સંજયભાઈ ધનસુખલાલ મહેતા મો.: ૯૮૨૦૦૯૯૦૭૧** સંપર્ક કરવા વિનંતી.

૧૦માં ધોરણના ટોપ ૩ વિદ્યાર્થી વોરા - પારિતોષિકના ઈનામ વિતરણના લાભાર્થી **: ડૉક્ટર શ્રીમતી શોભનાબેન અને ડૉક્ટર શ્રી ભુપેન્દ્રભાઈ નરોત્તમદાસ વોરા પરિવાર.**

ધોરણ ૧ થી ૧૦ (દસમા ધોરણના ટોપ ૩ વિદ્યાર્થી સિવાયના દરેક) તેમજ ૧૨મું ધોરણ તેમજ ગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુએટ ઈનામ વિતરણના લાભાર્થી : **શ્રી પ્રાણલાલ કપૂરચંદ જેચંદ દોશી પરિવાર.**

## અભિનંદન...



સુલતાનપુર નિવાસી હાલ ગોંડલ માતુશ્રી દર્શનાબેન પ્રવીણચંદ્ર કોરડીયાના પૌત્ર અને શ્રી સોહીલભાઈ પ્રવીણચંદ્ર કોરડીયાના સુપુત્ર ચિરંજીવી અક્ષત (ઉ.વ.૧૬), તીર્થાધિરાજ શ્રી શત્રુંજયની ૯૯ યાત્રા નિર્વિઘ્ને પૂર્ણ કરેલ છે.

ખૂબ ખૂબ અનુમોદના...!!!

# ORACLE INTERNATIONAL

**(An ISO9001:2015 TUV CERTIFIED Company)**
**Manufacturer & Exporter of Brass Components**

Contact Person :
Mr. Jay Shah (Director)
Mobile : +91 9624640055



Contact Person :
Mr. Dhaval Shah (Director)
Mobile : +91 99042 24204

**Factory & Head Office :**

Plot No.-10, Hari Om Industrial Estate
Behind Essar Petrol Pump, Near Kansumra Jamnagar - 361005,
Gujarat (India)Tel. No. (0288) 2568527 / 2568528.
**Email :** info@oracleint.com / sales@oracleint.com
**Website :** www.oracleint.com

**SISTER CONCERN :**

## M/s. Everest Brass Industries

**Factory & Head Office :**

Works - Plot No.10,
Hari Om Industrial Estate
Behind Essar Petrol Pump,
Near Kansumra, Jamnagar - 361005,
Gujarat India
M. : +91 9428860154 / 9328218008
Email : everestbrass@gmail.com


**Mumbai Office :**

Mr. Jayesh Vasa,
C-4, 1st Floor, Shreyas Apt.,
Ashok Road, Near Damodarwadi,
Kandivali (E), Mumbai - 400101.
Mobile : +91 9322266714
Email : jvasa05gmail.com

## તંત્રી સ્થાનેથી....

શ્રી રાજેન્દ્રભાઈ ઓતમચંદ પુનાતર - મો.: ૭૦૨૧૨૦૧૨૮૦

# ''સમયસરની નિવૃત્તિ - એક કલા''



માણસો સત્તા માટે, ધન માટે, કીર્તિ માટે સતત પુરૂષાર્થ કરતો હોય છે અને પોતાનું ભાગ્ય ખુલવાની રાહ જોતા હોય છે. દરેક ક્ષેત્રમાં ફેરફારો આવતા રહે છે. જુના સિતારા આથમે છે અને નવા સીતારાઓનો ઉદય થાય છે. વેપાર ઉદ્યોગ, સાહિત્ય, નાટક - ચિત્રપટ રાજકારણ વી.ની દુનિયામાં ઉદય-અસ્તની આ પ્રક્રિયા સતત ચાલતી રહે છે. કેટલાક નવીન સિતારાઓને ચમકતા વર્ષો વીતી જાય છે તો કેટલાક ઓચિંતા અને ઝડપથી ચમકવા માંડે છે. જ્યારે કેટલાક સિતારાઓ અચાનક પ્રકાશમય બની અને ચમકવા માંડે છે અને જેટલી ઝડપથી ચમક્યા હોય તેટલી ઝડપથી અચાનક આથમી જાય છે. કેટલાક સિતારાઓ એટલા ચમકવા માંડે  કે એવું લાગે કે જાણે અસ્ત છે જ નહીં. પરંતુ પ્રકૃતિનો નિયમ છે કે જેમનો ઉદય થાય તેમનો અસ્ત નિશ્ચિત જ હોય છે. ઉદય અને અસ્તનું આ ચક્ર સૌને લાગુ પડે છે. અને આ ચડતી અને પડતી ના પ્રવાહનું કોઈ નિયમ નથી. કોઈ વ્યક્તિ ક્યારે ક્યા સ્થાને પહોંચશે તેનું કોઈ ચોક્કસ ગણિત નથી ક્યારેક કોઈ મામૂલી માણસ પણ સર્વોચ્ચ સ્થાને પહોંચી જાય છે અને સર્વોચ્ચ સ્થાને રહેલ વ્યક્તિ ક્યારે ગબડી અને અંધકારની ગર્તામાં ખોવાઈ જાય તે કહેવાતું નથી. એક સામાન્ય ગૃહિણી રાબડી દેવી જ્યારે બિહારના મુખ્યપ્રધાન પદે બિરાજમાન થાય ત્યારે એમ થાય કે કોના નસીબમાં શું લખાયું છે તે કંઈ કહેવાતું નથી. માનવીના જીવનમાં ચડતી પડતી કોઈ ગણિતના દાખલાની જેમ તર્કબદ્ધ રીતે ચાલતી નથી. દરેકના જીવનમાં ભરતી ઓટ આવ્યા જ કરે છે કેટલાકના જીવનમાં ભરતી ઓટ શાંત સ્થિર હોય તેવું લાગે પણ તેમાં પણ ઉતાર ચઢાવ આવ્યા જ કરતા હોય છે. દરેક વ્યક્તિએ જીવનની બે પળોને ખાસ સાચવી લેવી જોઈએ. (૧) વર્તમાન સમયને ઓળખવો અને સમય આવ્યો ન હોય ત્યાં સુધી ધીરજ રાખવી. (૨) સમય પૂરો થયાનો અણસાર ઓળખવો.

નાટકમાં કામ કરતા અદાકાર તખ્તા પર પોતાનું પાત્ર ભજવીને તુરંત નેપથ્યમાં ચાલી જાય છે. તેજ રીતે જિંદગીમાં પણ દરેક વ્યક્તિએ પોતાનું પાત્ર ભજવીને નિવૃત થવું જોઈએ. આપણે જોઈએ છીએ કે ઘણા લોકો જિંદગીના અંત સુધી પોતાનું સ્થાન કે પોતાનું વર્ચસ્વ છોડવા માટે તૈયાર હોતા નથી કે જ્યાં સુધી કોઈ તેમને ધક્કો મારીને બહાર ફેંકી ન દે.

નિવૃત્તિ લેવી એ એક કળા છે કોઈ ધક્કા મારીને બહાર કાઢે તે પહેલા ગૌરવ અને શોભાથી નિવૃત્તિ લેવી જોઈએ. ક્રિકેટર સચિન તેંડુલકર તેનું જીવતું જાગતું ઉદાહરણ છે. પોતાની કારકિર્દીના શિખરે પહોંચીને તેંડુલકરએ ક્રિકેટમાંથી પોતાની નિવૃત્તિ જાહેર કરી હતી.

નિવૃત્તિ ગૌરવ અને શોભાથી લેવી જોઈએ - આથમતા સુરજની અદાથી લેવી જોઈએ. કચવાતા મને, કકળાટ કરીને કે કોઈ બહાર કાઢી ન મુકે ત્યાં સુધી રાહ જોવાને બદલે સમયને ઓળખીને હસતા મુખે નિવૃત્તિ સ્વીકારવી જોઈએ. જિંદગીની રમતમાં પ્રવેશ અને ખેલ પૂરો થયો તેની વિદાય લેવાની સમાપ્તિ વિધિ એ બંને અગત્યના પરિબળો છે. ઈન્ફોસીસના સ્થાપક અને ચેરમેન શ્રી નારાયણ મૂર્તિએ કંપનીને શિખર પર પહોંચાડીને નિવૃત્તિ જાહેર કરી હતી.

જેમને ગૌરવપૂર્ણ રીતે વિદાય લેતા નથી આવડતું તેવો તનથી અને મનથી ખૂબ જ દુ:ખી થાય છે. વ્યક્તિએ સમયને ઓળખતા શીખવું જોઈએ પોતાના સારા સમયની રાહ જોવી જોઈએ અને જ્યાં સુધી સારો સમય ન આવે ત્યાં સુધી નિરાશ ન થવું જોઈએ અને શ્રદ્ધાપૂર્વક પોતાનું કાર્ય કરતાં રહેવું જોઈએ. યોગ્ય સમય આવે ત્યારે પૂર ઝડપે આગળ વધવું જોઈએ.

નિવૃત્તિની વાત જેટલી પુરૂષોને લાગુ પડે છે તેટલી જ સ્ત્રીઓને પણ લાગુ પડે છે. બહેનોએ પણ યોગ્ય સમયે ઘરનો કારભાર તેમની પુત્રવધુના હાથમાં સોંપીને નિવૃત્તિ લેવી જોઈએ. આમ કરવાથી તેમનું પોતાનું અને પુત્રવધુનું બંનેનું ગૌરવ સચવાઈ રહેશે. **સમયસરની નિવૃત્તિ એટલે ભવિષ્યમાં આવી શક્તી ઘણી સમસ્યાઓનો આગોતરો ઉકેલ.**

**સોરઠ સમાજનું ગૌરવ**

**દેશના વસા**



શ્રીમતી અન્સુયા અને શ્રી ભોગીભાઈ વસાની પૌત્રી તથા મીરા અને મિતુલ વસાની હસમુખી અને સૌને ગમતી પુત્રી સેંટ ગ્રેગોરીઅસ સ્કુલ, ચેમ્બુરની નવમા વર્ષની વિદ્યાર્થીની પ્રકૃતિએ સરળ, સાલસ અને ઋજુહ્રદયી છતાં વિવિધ વિષયોમાં ઉત્કટ રસ ધરાવે છે. શાળામાં તથા મુંબઈની સ્કુલ સ્પર્ધાઓમાં ખાસ કરીને ૧૦૦-૨૦૦-૪૦૦ મીટરની દોડમાં પ્રથમ રહી અનેક મેડલ મેળવેલ છે. પ્રકૃતિ અને પ્રાણીઓ પ્રતિ વિશેષ રસ ધરાવે છે. અનેક પ્રાકૃતિક સ્થળોએ માતા-પિતા સાથે પ્રવાસ કરી ચુકી છે. મિતુલભાઈ કેમીકલ એન્જીનીયર તથા લીડ્ઝ યુનિવર્સિટીથી MBA થયા છે. મિતભાષી હોવા છતાં વિષયના ઊંડાણમાં જનારા અને ક્રિકેટના જાણકાર અને સારા પ્લેયર છે. મીરાબેન ડાયેટીસીઅન તરીકેનો અભ્યાસ કર્યો હોવાના કારણે દેશનાનું સુંદર શારીરિક ઘડતર કર્યુ છે. આમ બંનેએ દેશનાનો સર્વ રીતે તેની પ્રકૃતિને અને તેની રૂચીને અનુરૂપ વાતાવરણમાં ઉછેર કરતા જોયું કે દેશનાને નૃત્યમાં અપાર અભિરુચિ હોવાથી તાલીમબધ્ધ રીતે તૈયાર થાય તો તેની આંતરીક શક્તિ નિખરી શકશે. નૃત્યકલામાં નિપુણ અને ડૉક્ટરેટ ગુરૂ મીનાક્ષી શ્રિયાન નીચે તેની તાલીમ માટે ભરતી કરવામાં આવી. એક કુંભાર જે રીતે કુંભને આકાર આપે એમ ગુરૂએ દેશનાને ભરતનાટ્યમ માટે વિશેષ આકાર આપ્યો. તેની સાત વર્ષની ઉંમરથી ભરતનાટ્યમની તાલીમ શરૂ થઈ. કઠોર પરિશ્રમનો કોઈ પર્યાય નથી અને પ્રારબ્ધ પરસેવે ન્હાનારને જ વરે તે ન્યાયે સાત વર્ષની સઘન અને કઠોર સાધના પછી તેને ગુરૂને સંતોષપ્રદ લાગતા આરંગેત્રમ (નૃત્યકળામાં અમુક કક્ષાની પારંગતતા પ્રાપ્ત થતા ગુરૂ, કુટુંબીજનો અને મિત્રો સમક્ષ પ્રથમવાર રજુ થતો પ્રયોગ એટલે આરંગેત્રમ) માટે તેમના આશીર્વાદ, પરિવારનો પ્રેમ તથા ચી.દેશનાના પરિશ્રમે તેમની રજા મળતા તેનો પ્રથમ સ્ટેજ પ્રોગ્રામ તા.૪-૬-૨૦૨૩, રવિવારે મૈસૂર એસોસિયેશન ઓડીટોરીઅમ, માટુંગા, મુંબઈ ખાતે ખુબ જ સુંદર રીતે રજુ થયો. ગુરૂ શ્રીમતી ડૉ.મીનાક્ષી શ્રિયાનએ દેશનાના ઉત્કટ નૃત્ય પ્રતિની અભિરુચિ તથા તેની મહેનતને પ્રેશ્રકોના તાળીઓના ગગડાટ વચ્ચે અરંગેત્રમનો ડીપ્લોમા અર્પણ કરતા અભિનંદન આપ્યા. યુનિવર્સિટી ઓફ મુંબઈના પ્રાધ્યાપિકા, ઈન્ડિયન એસ્થેટિક્સ કોર્સના કોર્ડીનેટર, ફીલોસોફી વિભાગના બહેનશ્રી શીલ્પાબેન છેડાએ ચિ.દેશનાના ભરતનાટ્યમ અરંગેત્રમની સમીક્ષા કરતા નૃત્યકળામાં આગળ વધે તેવી શુભેચ્છા અને આશીર્વાદ સાથે અભિનંદન આપ્યા. તેમનો સંદેશ આ સાથે સંલગ્ન છે.

આપણા સોરઠના મુંબઈ સમાજના પ્રમુખશ્રી કીરીટભાઈ મહેતા, ઉપપ્રમુખશ્રી ધીરેનભાઈ વસા, શ્રી પરીમલભાઈ ભીમાણી, શ્રી પ્રવીણભાઈ વોરાએ પણ હાજરી આપી ચિ.દેશનાની નૃત્યકળાની સરાહના કરતા પ્રોત્સાહન પુરુ પાડી અને અભિનંદન આપતા આપણા સમાજના સભ્યોમાં પણ વિવિધ કળાનો વિકાસ થાય તેવી અભિલાષા વ્યક્ત કરી હતી.

દરેક દેશ-વિદેશથી પધારેલ મહેમાનો, કુટુંબીજનો તથા અન્ય દરેક પ્રેક્ષકોએ મુક્ત મને ચિ. દેશનાની પ્રશંસા કરી અભિનંદનની વર્ષા કરી હતી. પૂર્ણાહુતિ થતા સૌ સાથે ભોજન લઈ પ્રસંગને અનુરૂપ શુભેચ્છાઓ સાથે છુટા પડ્યા હતા.

Message from Shilpaben Chheda

Deshana Vasa's Arangetram performance was extremely beautiful. Her dance was graceful and captivating. One could not miss any moment of her performance. The important aspects of dance like Nrutta, Nrtya and Abhinaya could be enjoined in her dance. Even hastas, mudras and bhavas were clearly depicted in her performance.

She was successful in generating Rasa anubhuti in the audience through out. This is what a good dancers does, engrosses audience in relishing every moment.

Shilpa Chheda

Coordinator, Indian Aesthetics course

Department of Philosophy University of Mumbai

## ✡ ચમકતા સિતારાઓ ✡

આપણા સમાજના પ્રમુખ શ્રી કિરીટભાઈ મહેતાને એક વિચાર આવ્યો કે આપણા સમાજના યુવાનો કે જેઓએ પોતપોતાના ક્ષેત્રમાં ખુબ જ પ્રગતિ કરી હોય, તેમને મળીને તેમની સિદ્ધિઓ સમાજ સમક્ષ રજૂ કરવી. જેથી બીજા યુવાનોને પણ આગળ વધવા પ્રેરણા મળે અને આપણો સમાજ પણ આપણા યુવા વર્ગની સિદ્ધિઓથી માહિતગાર થાય. આ અંતર્ગત આજે મુલુંડ નિવાસી ડોક્ટર સિદ્ધાર્થ વસંતભાઈ વસાની તા.૦૭ જુનનાં રોજ મુલાકાત લઈ તેમણે કરેલી પ્રગતિ વિશે જાણકારી મેળવી હતી, જે અત્રે રજૂ કરવામાં આવે છે.

મા.તંત્રીશ્રી



Dr. Siddharth Vasa - M.D. (Organ of Medicine)
Mr. Hajime Shiraishi - Sr. V.P. of Olymps (Japan)

સોરઠ વંથલી નિવાસી હાલ મુલુંડ - મુંબઈ શ્રી વસંતભાઈ મનસુખભાઈ વસાના સુપુત્ર ભાઈશ્રી ડૉ.સિદ્ધાર્થ વસા હાલ મેડિકલ ક્ષેત્રે કાર્યરત છે. વર્ષ ૨૦૦૮થી વીણા નગર મુલુંડથી તેઓ કન્સલ્ટિંગનું કાર્ય કરી રહ્યા છે.

કબજિયાત, એસીડીટી, ગેસ ટ્રબલ, પાચન ક્રિયાની તકલીફ, ગોલબ્લેડર સ્ટોન તથા ફેટી લીવર વગેરેની તેવો સારવાર કરે છે. તેઓ Gastro Enterology અને Endoscopy ના નિષ્ણાત ગણાય છે. તેઓ ટેલી કન્સલ્ટેશન દ્વારા પણ ભારત તથા વિદેશમાં દર્દીઓને તબીબી માર્ગદર્શન આપે છે. ગેસ્ટ્રો એન્ટ્રોલોજી અને એન્ડોસ્કોપીની સારવાર માટે તેઓ ઘણી હોસ્પિટલ સાથે સંકળાયેલા છે. આ ઉપરાંત ઘણા જટીલ કેસોમાં નિષ્ણાત ડોક્ટરો તેમની મદદ માટે તેમને બોલાવે છે.

આ વર્ષે એપ્રિલ ૨૦૨૩માં જાપાનની એન્ડોસ્કોપીના મશીન બનાવતી વિખ્યાત કંપની ઓલમ્પસ (Olymps)ના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ Mr. Hajime Shiraishi એ ડોક્ટર સિદ્ધાર્થની તેમના વિણાનગર ખાતેના ક્લિનિકમાં એન્ડોસ્કોપીના વિવિધ મશીનોની કાર્યપ્રણાલી અને કાર્યશૈલી વિશે Feedback લેવા માટે તેમની મુલાકાત લીધી હતી. મુંબઈમાં તેઓ જે ત્રણ ડોક્ટરોને મળવાના હતા. તેમાંના એક આ ફિલ્ડમાં ૧૫ વર્ષનો અનુભવ ધરાવતા ડો. સિદ્ધાર્થ હતા.

તેઓએ PMPH મેડિકલ કોલેજમાંથી પોતાનું મેડિકલ ગ્રેજ્યુએશન કરેલ હતું અને પોસ્ટ ગ્રેજ્યુએશન - MD (in Organon of Medicine) B H Medical College માંથી પુર્ણ કરેલ હતું. ત્યાં તેવો batch topper હતા. પોતાના આ નિયમિત અભ્યાસ ઉપરાંત તેઓ નિયમિત રીતે કુપર હોસ્પિટલમાં જઈ વિવિધ રોગોની સારવાર વિશે શીખવાની કોશિશ કરતા હતા.

ડૉ.સિદ્ધાર્થ ત્રણ મહિના સુધી પુરી રાત જે. જે. હોસ્પિટલના શબઘરમાં (Mortury) વિતાવી હતી. વીક્ષીત મૃતદેહોના Disected Organ ના પ્રેક્ટિકલ અભ્યાસ કરવા માટે તેઓ પુરી રાત મોરચુરીમાં વિતાવતા. સામાન્ય રીતે શબઘરમાં Authoriesd person સિવાય કોઈને પણ પ્રવેશ મળતો નથી. શરૂઆતમાં ત્રણ ચાર દિવસ તેમને પ્રવેશ મળ્યો નહીં, પણ ડૉ.સિદ્ધાર્થ હિંમત ન હારતા રોજ જવાનું ચાલુ રાખ્યું. આ વાતની ખબર એક ઉચ્ચ અધિકારીને પડી કે એક મેડિકલ સ્ટૂડન્ટ અભ્યાસ કરવા માટે શબઘરમાં પ્રવેશ માટે પ્રયત્ન કરે છે. ડો.સિદ્ધાર્થની અભ્યાસની તાલાવેલીને ધ્યાનમાં રાખીને, તેઓએ ખાસ પરમિશન આપી અભ્યાસની સગવડ કરી આપી.

તેઓએ છ વર્ષ સુધી એન્ડોસ્કોપીના ભારતના ખ્યાતનામ ડૉક્ટર સંજીવ ખન્ના, ડોક્ટર ધીરેન પીપલિયા અને ડૉક્ટર રાકેશ પટેલના મદદનીશ તરીખે ધૈર્ય અને ખંતથી કાર્ય કરી બહોળો અનુભવ મેળવ્યો હતો.

તેઓ માને છે કે દર્દીઓને ખૂબ જ શાંતિથી અને ધ્યાનથી સાંભળવા જોઈએ કેમ કે તેમની વાતચીતમાંથી જ ઘણીવાર કોઈપણ જાતના મેડિકલ ટેસ્ટ કરાવ્યા વગર દર્દનું નિદાન થઈ જતું હોય છે અને તેનો ઈલાજ પણ ખૂબજ સહેલો બની જાય છે. આ ઉપરાંત ડૉ.સિદ્ધાર્થ માને છે કે કોઈપણ એક વિષયના નિષ્ણાંત ડોક્ટરાને બીજા દર્દનું પણ સામાન્યજ્ઞાન હોવું જોઈએ જેથી તેઓ દર્દીને ઓછામાં ઓછી અને minimum side effects વાળી દવા આપીને સારવાર કરી શકે.

તેઓ એ અન્ય રોગોની પ્રાથમિક માહિતી મેળવવા અને સારવાર કરવા માટે વિવિધ દર્દના નિષ્ણાતો પાસેથી તાલીમ લીધી હતી તે આ પ્રમાણે છે. Medicine ડૉ.તુષાર શાહ, ડૉ.ચેતન ભટ્ટ, Skin ડૉ.દિલીપ ઠક્કર, Chest & Lungs ડૉ.રૂપવતે, Pediatries ડૉ.રાજેશ ચોખાની, ડૉ.આંબેકર, Eyes ડૉ.નીતિન મલકાણ, Orthopaedic ડૉ.મામતોરા, Homeopathy ડૉ.રણજીત સિંહ બીડવાન.

ડૉ.સિદ્ધાર્થ માને છે કે નિષ્ણાત ડોક્ટરો પાસેથી જ્ઞાન મેળવવા માટે ધગશ અને શિસ્ત સાબિત કરવા પડે છે. જ્યારે તેઓને ખાતરી થાય કે વિદ્યાર્થી ખરેખર મહેનત - પરિશ્રમ કરીને શીખવા માંગે છે ત્યારે જ તેઓ પોતાના જ્ઞાનનો લાભ આપવા તૈયાર થાય છે. ઉપરોક્ત બધા જ નિષ્ણાતોએ ડૉ.સિદ્ધાર્થની પૂરી કસોટી કર્યા પછી જ પોતાના મદદનીશ તરીકે સાથે રાખી વ્યવસ્થિત રીતે ખૂબ જ ઉપયોગી ટ્રેનીંગ આપી હતી.

તેમની આ તબીબી યાત્રા સરળ નહોતી. ખુબજ મુશ્કેલીઓનો સામનો કરીને તેઓ આજે આ સ્થાન પર પહોંચ્યા છે. તેઓ પોતાની સિદ્ધિઓનું શ્રેય તેમના પિતાશ્રી વસંતભાઈ અને માતુશ્રી મધુબેનને આપે છે. આર્થિક પરિસ્થિતિ સામાન્ય હોવા છતા વસંતભાઈએ સિદ્ધાર્થને હંમેશા અભ્યાસ માટે પ્રોત્સાહન આપ્યું હતું અને આગળ વધવા માટે પ્રેરણા આપી હતી.

ડૉ.સિદ્ધાર્થે પોતાનો તબીબી અભ્યાસ અંધેરી ખાતેની શ્રી મહાવીર જૈન વિદ્યાલય ખાતે રહીને કર્યો હતો. વિદ્યાલયનો ઉલ્લેખ કરતા તેવો જણાવે છે કે તેમના અભ્યાસ માટે વિદ્યાલયની જે મદદ મળી છે તેને તેઓ ક્યારેય ભૂલી નહીં શકે વિદ્યાલયનું ઋણ તેઓ ક્યારેય પુરૂ કરી શકશે નહીં.

આપણા સમાજની દરેક પ્રવૃત્તિઓથી તેઓ વાકેફ રહે છે. ભાઈબીજ સ્નેહ સંમેલનનો ઉલ્લેખ કરતાં તેઓ જણાવે છે કે સ્નેહ સંમેલનના દિવસની તેવો કાગડોળે રાહ જોતા હતા અને Consolation પ્રાઈઝ પણ મળે તો સુવર્ણચંદ્રક મળ્યો હોય તેટલો આનંદ થતો હતો. વર્ષ ૨૦૧૬ના આપણા ભાઈબીજ સંમેલનમાં તેવો અતિથિ વિશેષ પણ રહી ચુક્યા છે.

તેઓના કુટુંબમાં પિતાશ્રી વસંતભાઈ, માતુશ્રી મધુબેન, સહધર્મચારીણી રોનક (Clinical Phycologist & Counseller at Hira Mongi Hospital) ભાઈ નિકુંજ, ભાઈના પત્ની યામિની, પુત્ર વીર, નમન અને નિયાનાનો સમાવેશ થાય છે.

ડૉક્ટર સિદ્ધાર્થ એક સારા તબીબ હોવા ઉપરાંત એક ખુબ જ સારા સાયકલિસ્ટ છે. સાયકલિંગમાં ઈનામ પણ મેળવેલ છે. વિવિધ રમતોમાં પણ તેવો ખૂબ સારો રસ ધરાવે છે. રમત ગમત સિવાય સંગીતમાં પણ તેઓને ખૂબજ દિલચસ્પી છે. તેઓ ખૂબ જ સારા ગિટારિષ્ટ છે અને હાર્મોનિયમ ઉપર પણ સારો કાબુ ધરાવે છે.

તેઓ આપણા સમાજના યુવા વર્ગને સંદેશો આપે છે કે ''સફળતા માટે બોડી અને માઈન્ડ બંને હેલ્દી હોવા જોઈએ.'' ખૂબજ ધગશ - સખત પરિશ્રમ કરવાની તૈયારી અને દૃઢ નિશ્ચય હશે તો કોઈ પણ સંજોગોમાં પ્રગતિના સોપાન જરૂર સર કરી શકાશે. ભાઈશ્રી ડૉ. સિદ્ધાર્થ વસા પોતાના ક્ષેત્રમાં ખૂબ ખૂબ પ્રગતિ કરે તેવી શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ મુંબઈના પ્રમુખ તથા કારોબારી સમિતિના તમામ સભ્યોની હાર્દિક શુભેચ્છા.

મુલાકાત શ્રી રાજેન્દ્રભાઈ પુનાતર
(મા.તંત્રી શ્રી મુખપત્ર)

**શ્રી સોરઠ વિશાશ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળ - મુંબઈ**

**આર્થિક સહાય ખાતે**

૨૫૦/- શ્રી અશ્વિનભાઈ અમરચંદ શેઠ ઘાટકોપર તરફથી શ્રીમતી પ્રજ્ઞાબેન અશ્વિનભાઈ શેઠના આત્મશ્રેયાર્થે

૬૦૦૦/- શ્રીમતી બિનીતાબેન તુષારભાઈ શાહ તરફથી ભેટ

૬૦૦૦/- શ્રીમતી બિનીતાબેન તુષારભાઈ શાહ તરફથી ભેટ

**શ્રી અનાજ વિતરણ ખાતે**

૧૦૦૦૨/- શ્રી મિલનભાઈ મનસુખભાઈ શેઠ તરફથી ભેટ

**શ્રી તારાચંદ ધનજીભાઈ મહેતા તબીબી રાહત**

૨૫૦/- શ્રી અશ્વિનભાઈ અમરચંદ શેઠ ઘાટકોપર તરફથી શ્રીમતી પ્રજ્ઞાબેન અશ્વિનભાઈ શેઠના આત્મશ્રેયાર્થે

**શ્રી સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળની ભેટ નીચે લખેલ બેંકના ખાતામાં જમા કરશોજી**

**Name : Shri Sorath Visa Shrimali Subhechhak Mitra Mandal**

Banker : Bank of India,
80 G AACTS 1446 GF 20214 Dt.28-5-21
Bullion Exchange Branch, Mumbai

A/c No.: 000810100006108

(આપની મોકલેલી રકમની દરેક વિગત, મોકલનારનું નામ, સરનામું, મોબાઈલ નંબર શ્રી વિનોદભાઈ મહેતાને મોબાઈલ ૯૮૩૩૫૦૦૫૦૮ના વોટ્સએપ ઉપર મોકલી આપવા વિનંતી)

# રાજભવનમાં મહાવીર જન્મ કલ્યાણકની ઉજવણી








જૈન અલ્પસંખ્યક સેવા સંસ્થાન દ્વારા મહાવીર જન્મ કલ્યાણકની ઉજવણી મહારાષ્ટ્રના ગવર્નર શ્રી રમેશ બૈસજીની નિશ્રામાં ઉજવવામાં આવી હતી. સંસ્થાના સેક્રેટરી શ્રી સંજયભાઈ શાહે જૈન સમાજના શ્રેષ્ઠીઓને આવકાર્યા હતા અને માનનીય ગર્વનર સાહેબનો તેમનો કીમતી સમય આપવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમની શરૂઆત શ્રી રોહિતભાઈ શાહે નવકાર મંત્ર તથા સ્તવનથી કરી હતી ત્યારબાદ શ્રી સંજયભાઈ શાહે માનનીય શ્રી ગવર્નર સાહેબ સમેત શિખરજી માટે આપેલ યોગદાનની સર્વને જાણ કરી હતી. પારસમણિના તંત્રી શ્રી જયંતીલાલ શાહે જણાવ્યું હતું કે મહાવીર ભગવાને સમાજને બે સંદેશ આપેલા છે. ''જીવો ઔર જીને દો'' અને ''અહિંસા પરમો ધર્મ'' આ બે સંદેશા વિશ્વના લોકો અપનાવે તો વિશ્વમાં શાંતિ સ્થપાઈ જાય. દિવાળીબેન મોહનલાલ ચેરીટેબલ ટ્રસ્ટના શ્રી અશ્વિનભાઈ મહેતાએ જણાવ્યું હતું કે શ્રી મહાવીર સ્વામી ફક્ત જૈનોના ન હતા તેઓ પુરા વિશ્વના લોકોના હતા. મહાવીર સ્વામીના સિદ્ધાંતોને પૂરા વિશ્વે અપનાવવા જોઈએ. દાદર જ્ઞાનમંદિરના ટ્રસ્ટી શ્રી સંદીપ દોશીએ જણાવ્યું હતું કે સમિત શિખર ૨૪ તીર્થંકરની ભૂમિ છે. આ પવિત્ર ભૂમિ માટે માનનીય ગવર્નર સાહેબે જે સહયોગ આપ્યો છે તે માટે સમગ્ર જૈન સમાજવતી તેમનો આભાર વ્યક્ત કરે છે.

મહારાષ્ટ્રના ગવર્નર શ્રી રમેશ બૈસજીએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે જૈન સમાજ સાથે તેમનો ખૂબ જ જૂનો પરિચય છે. ભગવાન મહાવીર અહિંસાના પૂજારી હતા માટે આપણે સૌએ તેમના આ સિદ્ધાંતને અપનાવો જોઈએ. ભૂતકાળ ભૂલી જઈ વર્તમાનનો વિચાર કરવો જોઈએ. જેને લઈ આપણું ભવિષ્ય ઉજળું બને.

જૈન અલ્પસંખ્યક સેવા સંસ્થાન દ્વારા મહારાષ્ટ્રના માનનીય ગવર્નર શ્રી રમેશ બૈસજીનું પાઘડી, શાલ, માળા તથા પુસ્તક આપી સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે જૈન સમાજની અલગ અલગ સંસ્થા, સંઘ, મંડળના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત વ્યક્તિઓમાં શ્રી અશ્વિનભાઈ મહેતા, શ્રી અરવિંદભાઈ શાહ, દર્શનાબેન શાહ, શ્રી સંજયભાઈ શાહ, અલ્પાબેન શાહ, શ્રી મહેન્દ્રભાઈ ગાંધી, શ્રી અરવિંદભાઈ શાહ, શ્રી હેમેન્દ્રભાઈ શાહ, શ્રી રાજનભાઈ પરીખ, શ્રી મુકેશભાઈ શાહ, શ્રી રાજુભાઈ શાહ, શ્રી મેઘલભાઈ શાહ, શ્રી યોગેશભાઈ ઝવેરી, શ્રી સંદીપભાઈ દોશી, શ્રી તુષારભાઈ શાહ, **શ્રી ભુપેન્દ્રભાઈ મહેતા (પ્રમુખ - મુંબઈ ગુજરાતી પત્રકાર સંઘ)**, શ્રી નિખિલભાઈ શેઠનો સમાવેશ થાય છે.

## ૩૭ મી પુણ્યતિથિએ ભાવભરી શ્રદ્ધાંજલિ



રાણપુર (સોરઠ) નિવાસી

# સ્વ. તનસુખલાલ કાલિદાસ દોશી

**જન્મ: તા. ૨૨-૧૨-૧૯૨૨ સ્વર્ગવાસ: તા. ૨૬-૦૬-૧૯૮૬**

તમે ધૂપસળી જેવું જીવન જીવી ગયા, સુગંધ જેની ચૌ-તરફ મુકતા ગયા
સુખને છલકાવ્યું નહિ, દુ:ખને દેખાડ્યું નહિ, જીવન તમે એવું જીવ્યા, ભૂલ્યું ભૂલાય નહિ.
અમારી સુખ-દુ:ખની પ્રત્યેક પળોમાં આપની પ્રેરણા અને આશીર્વાદ અમોને મળતા રહ્યા.
જીવનમાં સુવાસ, પ્રભુમાં વિશ્વાસ, આખમાં અમી, દરિયા જેવું દિલ,
મીઠી વાણી, સ્નેહની સરવાણી, સરળ અને મિલનસાર સ્વભાવ,
વ્યવહારિક સુઝ અને બીજાને ઉપયોગી થવાની ભાવનાવાળા,
હસતો રાખી ચહેરો, કાયમી લીધી વિદાય અને મૃત્યુને પણ કર્યું અમર.
તમે આવ્યા અમારા જીવનમાં, ફૂલછડી બનીને, ધૂપસળી બની સર્વત્ર મહેંકી ઉઠ્યા,
યાદ તમારી આવતા, આખલડી છલકાય છે. જોઈ તસવીર તમારી, આંસુ ઉભરાય છે.

**-: પ્રેમાળ પરિવાર :-**

**પુત્ર તથા પુત્રવધૂ :** મનહર-મનોરમા, બિપીન-ભારતી, સતીશ-સુધા
**પુત્રી-જમાઈ :** ચંદ્રિકા-વિનોદરાય, યસુમતિ-નરેન્દ્રકુમાર, હર્ષા-અજયકુમાર
**પૌત્ર-પૌત્રવધુ :** બ્રિજેશ-મોસમી, શ્રેયષ, અમિત તથા ભાવિન
**પૌત્રી :** નિધિ, અવધી, રિયા તથા પરિતા
**દોહિત્ર-દોહિત્રી :** પ્રતિક, પ્રજ્ઞેશ, અક્ષય, દિપાલી, ફાલ્ગુની, કૃપાલી, સિદ્ધિ તથા નિરાલી
**પ્રપૌત્રી :** આયુષી, મહેક તથા આરુષી

Kayami/June

**શ્રી સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છક મિત્રમંડળ - મુંબઈ**

શ્રી કાંતિલાલ ભગવાનદાસ શાહ કાર્યાલય, ૨૦/૨૪ જૂની હનુમાન ગલી,
પ્રાગજી વૃન્દાવન પ્રીમાઈસીસ કો.ઓ.સોસાયટી લી., રૂમ નં.૪૩, ૩જે માળે, મુંબઈ - ૪૦૦૦૦૨. ફોન : ૨૨૪૦૦૨૪૦


# રાહત દરે અનાજ વિતરણ યોજના

## જૂન માસના અનાજ વિતરણના

## કાયમી દાતા પરિવાર



શ્રીમતી પ્રભાકુંવર
મણીલાલ વસા
પરિવારના સૌજન્યથી



**શેઠ શ્રી મણીલાલ પાનાચંદ વસા**

**શ્રીમતી પ્રભાકુંવર મણીલાલ વસા**



શેઠ શ્રી નંદલાલ
ઝવેરચંદ વોરા
પરિવારના સૌજન્યથી



**શેઠ શ્રી નંદલાલ ઝવેરચંદ વોરા**

**શ્રીમતી અચરતબેન નંદલાલ વોરા**

## જુલાઈ માસના અનાજ વિતરણના

## કાયમી દાતા પરિવાર



શેઠ શ્રી માણેકલાલ
ઝવેરચંદ વસા
પરિવારના સૌજન્યથી



**શેઠ શ્રી માણેકલાલ ઝવેરચંદ વસા**

**શ્રીમતી નર્મદાબેન માણેકલાલ વસા**

# ''એકાંત એટલે સ્વયંની સાથે''

**❑ આરતી રામાણી ''એન્જલ''**



ઘણાં માણસોને હંમેશાં એકલું જ રહેવું ગમતું હોય છે. તેના ના તો કોઈ મિત્ર, ના પાડોશી કે ના કોઈ સંબંધી સાથે સમય પસાર કરવાનું પસંદ કરે છે. હંમેશાં પોતાની ધુનમાં જ રહેવાવાળા આવા લોકોને બધા અતડા કે સ્વાર્થી કહીને સંબોધે છે. પરંતુ તેમને આ બાબતથી કોઈ જ ફરક પડતો નથી હોતો. તે તો બસ પોતાની જ દુનિયામાં મસ્ત રહે છે. ખરેખર આવાં લોકો સાચાં અર્થમાં સુખી કહેવાય.

આ બાબત સમજવા એક પ્રયોગ કરીએ. માત્ર થોડી જ મિનિટો માટે બન્ને આંખો બંધ કરી શરીરને સ્થિર કરી અને ચિત્ત ને બધાં જ વિચારોથી મુક્ત કરીએ અને માત્ર પોતાની ભીતર ઝાંખીએ. આમ કરવાથી મન ખરેખર એક અલગ જ શાંતિનો અનુભવ કરશે. ધીમે ધીમે બધી જ જંજાળમાંથી મન મુક્ત થવા લાગશે. પછી કોઈ આપણાં વિશે શું કહે છે, તે પણ અસર નહીં કરે. આપણે પણ એ સ્વાર્થી કહેવાતા લોકોની જેમ અલગારી બની જઈશુ અને ફક્ત અને ફક્ત સ્વયંની સાથે એકાકાર થઈ જઈશું. હંમેશાં એકાંતમાં રહેવું એટલે ભીડથી દૂર, પરંતુ ખુદની સાથે હોવું, ખુદને સમજવું, જાણવું અને અનુસરવું. જ્યારે આ રીતે કોઈ વ્યક્તિ ખુદ સાથે એકાકાર કરી લે છે, ત્યારે તે ખુદ પરબ્રહ્મ સ્વરૂપ ધારણ કરી લે છે, કારણ તે દુનિયાનાં કપટ, દંભ, લોભ, લાલચ, મોહ, ગમા, અણગમા, પ્રેમ, તિરસ્કાર, માન, અભિમાન આ બધાથી તે પર બની જાય છે. પછી આવી વ્યક્તિને કોઈ કંઈપણ કહેશે. તો તે માત્ર હળવું સ્મિત જ વેરશે. કારણ તેની ભીતર તે ખૂબ શાંત હોય છે. જેમાં કોઈ વમળ ઉત્પન્ન કરી શકે તેમ જ નથી હોતું. કોઈ કાંકરીચાળો કરી તેની આ શાંતિને તોડી શકવા પણ સક્ષમ નથી હોતું.

કલાકારો, જેમ કે લેખક-લેખિકા, સંગીતની સાધના કરનાર, નૃત્ય કે બીજા કોઈ પણ ક્ષેત્રના કલાકારો પોતાનુ કામકાજ પુરુ કરી હંમેશાં એકાંતમાં જ સમય પસાર કરવાનું પસંદ કરતા હોય છે. જો તે એકલા રહેશે, તો જ તે આત્મમંથન કરી શકશે. કંઈક નવુ સર્જન કરી શકશે. અને દુનિયાને પ્રગતિના પંથે આગળ વધારી શકશે. આ જ રીતે સાચા સાધુ-સંતો પણ હંમેશા એકાંતવાસમાં જ રહેવાનું પસંદ કરતા હોય છે, કારણ એ જેટલા એકલા રહીને સાધના કરશે, તેટલા જ તે મોક્ષની નજીક પહોંચી શકશે અને મોક્ષ એટલે ઈશ્વરના હૃદયમાં હંમેશાં માટે સમાઈ જવુ. આપણે પણ નાના હતા ત્યારે પરીક્ષાની તૈયારી કરવા માટે એક રૂમમાં બેસી જતાં. આખો દિવસ વાંચવાનું કામ કરતાં અને એ પણ એકાંતમાં જ. તે કારણે આપણે થોડા સમયમાં ઘણું ગ્રહણ કરી શકતા. આનાથી ઊલટું જો કોઈ વ્યક્તિ આપણને વાતો કરવાવાળું હોય. તો તે તેની કોઈ વાત આપણાને કહે અને એ વાત આપણી આત્માને અસ્વીકાર્ય હોય, તો આખો દિવસ આપણો મગજ એ જ વિચારોમાં વળગેલું રહેશે, જેથી આપણે આપણું કોઈ જ કામ સ્થિર થઈને નહીં કરી શકીએ, વળી ફોગટ વાતો કરવાથી આપણો બધો જ સમય બરબાદ થઈ જશે અને આગળ વધવાને બદલે આપણે પાછળ પડતાં જઈશું, કોઈ નવું સર્જન કરવા અસમર્થ બની જઈશું. એટલે જ મોટેભાગે નવું સર્જન કરનાર વ્યક્તિ હંમેશાં એકલાં જ રહેવાનું પસંદ કરે છે. કારણ એકાંત એટલે સ્વયંની સાથે તો હવે જો તમને એકલાં રહેવાનું પસંદ કરતા હોય અને કોઈ તમને આવીને એમ કહે, કે તમે શા માટે હંમેશાં એકલા જ રહો છો ? તો તેમના કહેજો હું એકલો નથી બસ સ્વયંની સાથે છું.

## લેખિકા વિષે....



જેતપુર નિવાસી શ્રી લલિતભાઈ જયંતીલાલ રામાણીના સુપુત્રી આરતી બહેન લગ્ન બાદ તેમના પતિશ્રી મનન પ્રકાશભાઈ શેઠ સાથે બેંગ્લોર મુકામે સ્થાયી થયા છે. કવિયત્રી લેખિકા આરતી બહેન રામાણી 'એન્જલ'ના ઉપનામથી વિખ્યાત છે. લેખન ક્ષેત્રે સદાય કાર્યરત રહેતા તેમણે વિવિધ એવોર્ડ્સ, મેડલ્સ, સર્ટિફિકેટ્સ અને શીલ્ડ મેળવ્યા છે. વિવિધ સામાયિકો તથા વર્તમાન પત્રોમાં તેમની રચનાઓ પ્રકાશિત થતી રહે છે. ગદ્ય અને પદ્ય બંને શૈલીમાં લખવાની તેઓને ભરપુર ફાવટ છે ન્યુઝ ઓફ ગાંધીનગરમાં તે કોલમિસ્ટ છે. ઉપરાંત દર મંગળવારે આવતી સંગીની પૂર્તિમાં પણ સ્ત્રી આધારિત તેમના લેખો પ્રકાશિત થતા રહે છે. હાલ તેમની પ્રથમ સસ્પેન્સ અને થ્રીલરથી ભરપુર નવલકથા **'ટચ મી નોટ'** પુસ્તક સ્વરૂપે પ્રગટ થઈ છે. સામાન્ય રીતે પુસ્તકનું વિમોચન ખ્યાતનામ હસ્તી દ્વારા ઓડિટોરિયમ કે મોટા સભાગૃહમાં ભરપુર પ્રસિદ્ધિ સાથે લોકોની હાજરીમાં થતું હોય છે. પરંતુ આરતી બહેને પોતાના પુસ્તકનું વિમોચન તારીખ ૧૬ મે ૨૦૨૩ના રોજ પોતાના જન્મ સ્થળ જેતપુરમાં ખુબજ સાદગીથી, ગણપતિ શ્લોક અને સરસ્વતી વંદના સાથે પોતાના પ્રેરણાદાતા પિતાશ્રી લલીતભાઈ, માતા સ્મિતાબેન, ભાઈ જીત, નાની બહેન હસ્તી અને પોતાના જીવનસાથી મનન શેઠના હસ્તે કરાવ્યું.

આરતી બહેન રામાણી 'એન્જલ' જીવનમાં ખુબ ખુબ પ્રગતિ કરે તેવી શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ - મુંબઈની હાર્દિક શુભકામના.



**ડાબેથી... હેતલબેન આર. કોરડીયા, રાજેન્દ્ર નાથાલાલ કોરડીયા, રાજવી, હર્ષ અને અભિષા**

સૌરાષ્ટ્રના ગોંડલ શહેરમાં દેરા શેરીમાં આવેલ ચંદ્રપ્રભુજી જિનાલયના ૨૩૬માં વર્ષ પ્રવેશ નિમિત્તે વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ હતું. વર્ષો જૂની પરંપરા મુજબ નૂતન ધ્વજારોહણ, પંચશષ્ટી પૂજન, કુમારપાળની આરતી, શિખર પર ધ્વજારોહણ, ૧૭ ભેદી પૂજા, પદ્માવતી દેવીની વાર્ષિક પૂજા તથા શ્રી સંઘના સ્વામી વાત્સલ્ય રાખવામાં આવેલ હતું.

આ જિનાલયમાં બિરાજતા પદ્માવતી દેવીની વર્ષમાં ફક્ત એક જ વાર પૂજા - મહાપૂજા થાય છે. આ જિનાલય ૨૩૫ વર્ષ પ્રાચીન છે. અને તેમાં બિરાજમાન મૂર્તિઓ ખૂબજ દિવ્ય અને પ્રાચીન હોવાથી સમગ્ર જૈન સમાજના સૌના દિલ - હૃદયમાં વસેલ છે.

કુલ પાંચ દિવસના આ મહોત્સવમાં ગુરુ ભગવંતોના શ્રી મુખે જૈન વાણી વ્યાખ્યાન વિગેરેનો લાભ સૌ ભાવિકોને મળેલ હતો. આ પ્રસંગે જીનાગમસેવી શ્રી સંઘ સ્થવિર ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત પરમ પૂજ્ય શ્રી દોલત સાગર સૂરીશ્વરજી મહારાજ સાહેબના આજ્ઞાનુવર્તિની સાધ્વીરત્ના પ.પૂ.વિપુલ યશાશ્રીજી મ.સા.ના સુશિષ્યા વ્રતધરાશ્રીજી મ.સા. તથા તેમના શિષ્યા પૂ. સમર્પણાશ્રીજી અને પૂ. આર્યવ્રતાશ્રીજી મ.સા. આદિ થાણા ૩ તથા ગોંડલ સંપ્રદાય શાસન ચંદ્રિકા પૂજ્ય હીરાભાઈ મહાસતીજીના સુશિષ્યા પૂજ્ય જ્યોતિબાઈ સ્વામી તથા બેન સ્વામી પૂજ્ય સ્મિતાબાઈ સ્વામી આદિ થાણા ૪ની પાવનનીશ્રાનો લાભ મળેલ હતો.

(૧) પંચકલ્યાણક પૂજા તા.૮-૫-૨૩ સોમવાર (૨) ચૌવિહાર સ્વામિ વાત્સલ્ય તથા સમૂહ સાંજી (૩) નુતન ધ્વજારોહણ તા.૧૧-૫-૨૩ ગુરૂવાર.

ઉપરોક્ત ત્રણે આદેશ લેનાર લાભાર્થી માતુશ્રી હેમલતાબેન નાથાલાલ વનમાળીદાસ કોરડીયા પરિવાર હસ્તે શ્રીમતી હેતલબેન રાજેન્દ્રભાઈ કોરડીયા. હેમલતા બહેને હાલમાં જ વર્ષીતપની આરાધના નિર્વિઘ્ને પૂર્ણ કરેલ છે. શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ - મુંબઈની સમગ્ર કારોબારી સમિતી તરફથી ખૂબ ખૂબ અનુમોદના.

## ભાવભીની શ્રધ્ધાંજલિ



# સ્વ. નૌતમલાલ જમનાદાસ સંઘવી

**જન્મ: તા.૩૦-૧૦-૧૯૪૩ સ્વર્ગવાસ : તા. ૨૫-૦૬-૨૦૦૩**

**મૂળવતન : જુનાગઢ - હાલ : મલાડ**

**પિતા એવા હોય છે જેમનો હોવાનો અહેસાસ ક્યારેય થતો નથી**
**પણ ના હોવાનો અહેસાસ બહુ થાય છે**
**દ્રષ્ટિમાં હજુએ રમે છે તમારો હસતો ચહેરો**
**આપનો માયાળુ સ્વભાવ, આપના જીવનની સાદાઈ**
**સેવા અને સર્મપણની સુગંધ, સદાય મહેક્તી રહેશે.**

**લી.યશવંતીબેન નૌતમલાલ સંઘવી**

**પુત્રી : પ્રીતિ ચેતનભાઈ વસા પુત્રી : શિલ્પા જીજ્ઞેશભાઈ શાહ**

**પુત્રી : દિપ્તી ગિરીશભાઈ દોશી પુત્રી : C.A. જીજ્ઞા ધર્મેષભાઈ શાહ**

**દોહિત્ર : આકાશ, વૃષભ, સૌમ્ય દોહિત્રી : શિવાની, ગ્રિષ્મા, હિતિકા, માહી**

**સસરાપક્ષ : પાનાચંદ કસળચંદ મહેતા**

**માતુશ્રી જયાબેન જમનાદાસ કાનજી સંઘવી પરિવારના**

**જય જીનેન્દ્ર**

Kayami/June

## પૈસા ''બહુત કુછ'' હૈ, પણ ''સબ કુછ'' નહીં

**જીવનના ચાર પુરૂષાર્થોમાં ધર્મ પછી ધન છે. આમ છતાં ધન સર્વસ્વ નથી માત્ર એક સાધન છે એનાથી સુખ મળશે એ પણ નિશ્ચિત નથી...**

❑ મહેન્દ્રભાઈ પુનાતર

પૈસો હાથનો મેલ હવે રહ્યો નથી તે ભલભલાના હાથનો મેલ ધોઈ નાખે છે. અને બધી બુરાઈઓને ઢાંકી દે છે. પૈસાનો ચળકાટ લોહચુંબક જેવો છે. તે સૌને આકર્ષે છે. આ માણસની પહેચાન છે. આ સિદ્ધિ, સફળતા અત્યારના અર્થમાં પૈસા સિવાય બીજું છે પણ શું ?

જીવનમાં પૈસા જરુરી છે તેના વગર કશું થઈ શકે નહીં ગમે તેટલી નશ્વરતાની અને ત્યાગની વાત કરીએ પણ વાસ્તવિકતા એ છે કે ગમે તેટલું ધન હોય પણ કોઈ કહશે નહીં કે મારે હવે વધારે જોઈતું નથી. ધન વધવાની સાથે તેની પક્કડ પણ વધે છે. ધનનો પ્રભાવ ચોમેર વધ્યો છે. કુટુંબ, સમાજ, ધર્મ અને જીવનના હર ક્ષેત્રમાં પૈસાની બોલબાલા છે. પૈસા હોય તો લોકો સલામ કરે, ઉંચા આસને બેસવા મળે, પ્રશંસા અને વાહવાહ થાય, આબરૂ અને પ્રતિષ્ઠા વધે. પૈસા ગયા તો બધું ખલાસ. માણસ કોડીનો થઈ જાય. નજીકના લોકો દૂર ખસી જશે. મિત્રો વિદાય થશે. સૌ કોઈ મુખ ફેરવી લેશે લોકો માણસને નહીં પણ પૈસાને પૂજે છે.

પૈસા બહુ કામની ચીજ છે પણ તે એક સાધન છે સાધ્ય નહીં તેમાંથી સુખ મળશે એ નિશ્ચિત નથી પરંતુ સગવડો અને સુવિધાઓ જરૂર મળશે. તેનાથી દુઃખ ઓછું થઈ જશે એમ કહેવાય નહીં પરંતુ કષ્ટ જરૂર ઓછુ થઈ જશે. ધન શ્રીમંતો માટે દુઃખનું કારણ બની શકે છે. જ્યારે ગરીબો માટે તે કષ્ટ નિવારણ છે. દુઃખ માનસિક છે અને કષ્ટ શારીરિક છે. શ્રીમંતોને કષ્ટ હોતું નથી દુઃખ હોય છે જ્યારે ગરીબોને દુઃખ હોતુ નથી પણ કષ્ટ હોય છે.

ધનના સારા ગુણો એ છે તેનાથી આત્મવિશ્વાસ વધે છે, સલામતીનો અહેસાસ થાય છે. સાચું કહેવાની અને પોતાનો મત વ્યક્ત કરવાની હિંમત વધે છે. માણસ થોડો ઉદાર બને છે. અને કદીક સારૂં કરવાના વિચારો પણ પ્રગટે છે. પૈસાથી બધું ખરાબ થયું છે એવું નથી, ઘણું સારૂં પણ થઈ શક્યું છે.

પૈસા આપણને વહાલા છે. આપણે તેને સાચવીએ છીએ, તેનું જતન કરીએ છીએ. પૈસા આપણને ગમે છે પણ પૈસાને આપણે ગમીએ છીએ કે કેમ તે પ્રશ્ન છે. કાલે આ પૈસા બીજાં પાસે જશે તો બીજાને ગમવા લાગશે. પૈસા એમ નહીં કહે કે હું તમને ચાહું છું એટલે હું તમારી પાસે અને તમારી સાથે જ રહીશ. હું તમને છોડીને બીજા કોઈ પાસે જઈશ નહીં. એ તો જેની પાસે જશે તેને પ્રેમ કરવા લાગશે. તેને સહાય કરશે. તેને ઉપયોગી થશે. પૈસા આપણી પાસેથી ગયા તો આપણે વિલાપ કરીશું. પૈસાને કશું દુઃખ થશે નહીં. ધન કાયમને માટે કોઈનું રહ્યું નથી. પૈસાથી અભિમાન આવે, અહંકાર ઉભો થાય, દંભ વધે અને તુમાખી આવે તો તેમાં ધનનો કોઈ વાંક નથી. દોષ આપણો છે. ધન સારૂં કે ખરાબ નથી. આપણે તેનો કેવી રીતે ઉપયોગ કરીએ છીએ તેના પર બધો આધાર છે. પ્રામાણિકપણે શુદ્ધ દાનતથી પરિશ્રમ દ્વારા નીતિને માર્ગે જે ધન આવે છે તેનો આનંદ અપાર હોય છે. સહેલાઈથી મહેનત વગર જે ધન મળે છે તેને જતા પણ વાર લાગતી નથી. પૈસા હોવા છતાં તેનું બેહુદુ પ્રદર્શન ન થાય, અહમ્ ના આવે અને નાના માણસ સાથે પણ નમ્રતાપૂર્વક, પ્રેમપૂર્ણ વ્યવહાર કરે તેનું ધન દીપી નીકળે છે. આ તેની સાચી શ્રીમંતાઈ છે. જીવનમાં જે ચાર પુરૂષાર્થ કહ્યાં છે તેમાં ધર્મ પછી ધનનું બીજું સ્થાન છે. આમ છતાં પૈસા સર્વસ્વ નથી. પૈસાથી જીવનમાં બધા સુખો મળશે એવી આશા રાખવી નકામી છે. જીવનની જરૂરિયાત પૂરી થાય અને વહેવાર સચવાય એટલો પૈસો જરૂરી છે. બાકીનો પૈસો મોજમજા અને એશ આરામમાં વપરાય છે.

સંતો અને મુનિ મહારાજો કહે છે પ્રામાણિકપણે આવે અને સન્માર્ગે વપરાય તે ધન સારૂં. પણ આની કોઈ ચોક્કસ વ્યાખ્યા નથી. લોકો કહે છે પ્રામાણિકતાથી ધંધો કરવા બેસીએ તો માંડ માંડ રોટલા નીકળે. બીજું કશું વળે નહીં. સાચું શું અને ખોટું શું એની પણ વ્યાખ્યાઓ બદલાઈ ગઈ છે. દરેકને એમ લાગે છે કે પોતે જે કાંઈ કરી રહ્યો છે તે સાચું છે. ધન આજે સન્માર્ગે ઓછું વપરાય છે. મોજશોખ અને શાન શોહરત માટે તેનો વધુ ઉપયોગ થાય છે ધન મળ્યા પછી બધાને સારા મોટા દેખાવું છે અને આ અંગે હોડ ચાલી રહી છે.

જીવનમાં ધન આવવાની સાથે જરૂરિયાતો વધતી જાય છે. અને માણસ સુખનો એદી બની જાય છે. મહેનત, પરિશ્રમ ઓછો થઈ જાય છે અને આધિ, વ્યાધી અને ઉપાધિ

વધે છે. સુખ જરા ઓછું થઈ જાય તો દુઃખના ડુંગરો આવી ગયા હોય એવું લાગે છે. જીવનમાં બધુ થોડું થોડું મીઠું છે એક સામટું સુખ અને એક સામટું દુઃખ માણસને ડગમગાવી નાખે છે.

ધન વધવાની સાથે જો તેનો સદુપયોગ ન થાય તો સંચયની વૃત્તિ વધે છે અને માણસ પરિગ્રહી બની જાય છે. જે મળે તે ઓછું લાગે છે, સાચુ સુખ સંતોષમાં છે. પૈસા આવે તેમ ઉદારતા વધવી જોઈએ. માણસ મનથી દરિદ્ર હોય તો ધન દોલત પણ તેને સુખ આપી શકે નહીં. ધન કેટલીક વખત સંકુચિત અને જડ બનાવી નાખે છે. માણસ પૈસા ગણતો થઈ જાય છે. પરિગ્રહમાં પણ સૂક્ષ્મ હિંસા સાથે ભય રહેલો છે. કોઈ પણ વસ્તુની માલિકી પ્રાપ્ત કરીએ છીએ ત્યારે આપણે તેની ગુલામી પણ સ્વીકારી લેતા હોઈએ છીએ. જે કાંઈ મળ્યું છે તે ચાલ્યું તો નહીં જાય ને, કોઈ છીનવી તો નહીં લેને, ખોટ તો નહીં જાય ને, એવો ભય હંમેશા સતાવ્યા કરે છે. વધુ મેળવવાની લાલચમાં કેટલીક વખત પૈસા ગુમાવવા પડે છે. જેટલી કિમતી વસ્તુ આપણી પાસે હોય તેટલો ભય વધારે. મોટાભાગના લોકો ધન દોલતને પકડીને બેસી જાય છે. ધનથી માણસ બંધાઈ જાય છે. સાચો ત્યાગ એ છે કે તમે કોઈ વસ્તુમાં બંધાવ નહીં પ્રાપ્તિ અને તેના અભાવમાં પણ સુખ માણો.

જેમની પાસે વધુ હોય છે તેમની તૃષ્ણા અને લાલસાનો કોઈ અંત નથી જેમની પાસે ઓછું હોય છે. તેમની આશા તૃષ્ણા ધીરે ધીરે મરતી જાય છે. તેવો પરિસ્થિતિને સ્વીકારી લે છે. મેળવવાની અને ગુમાવવાની તેમની શક્તિ સીમિત બની જાય છે. માણસ બહારથી સમૃદ્ધ બને છે તેમ અંદરથી પણ સમૃદ્ધ બનવો જોઈએ. મોરારીબાપુએ સુખની વ્યાખ્યા બતાવી છે. ‘‘ધન ઓછું, તન મધ્યમ અને મન મોટું એ માણસ સુખી.’’

ધન કોઈ સાથે લઈ જઈ શક્યું નથી. બધું અહીંને અહીં રહેવાનું છે. ધનનો જો સદુપયોગ થશે તો લોકો તેને યાદ રાખશે. બાકી દુનિયા કોઈને યાદ કરતી નથી. ધન શક્તિ અને સત્તા મેળવવી સહેલી છે. પરંતુ તેનો સદુપયોગ કરવો મુશ્કેલ છે. ધનની ત્રણ ગતિ છે દાન, ભોગ અને નાશ. જે માણસ ધન આપતો નથી અને ભોગવતો નથી તેનું ધન નાશ પામે છે અથવા તિજોરીમાં પડ્યું રહે છે. ધનનો શ્રેષ્ઠ ઉપયોગ છે દાન બીજાના આંસુ લૂછવામાં ધનનો ઉપયોગ થાય તો તેના જેવો બીજો કોઈ ધર્મ નથી.

## BIO-DATA



### KRUPA JAYESH KHAKHRA

***Personal Details***

| | |
|---|---|
| **BIRTH DATE** | : 27.03.1996 |
| **BIRTH PLACE** | : Nalasopara, Mumbai. |
| **HEIGHT** | : 5’5” |
| **WEIGHT** | : 60 kg |
| **CASTE** | : Jain Shwetambar Deravasi<br>Shri Sorath Vishashreemali |
| **QUALIFICATION** | : Bachelor in Banking and Finance (BBI)<br>MBA in finance |
| **HOBBIES** | : Drawing, Crafts, Music |
| **EMAIL ID** | : khakhrakrupa27@gmail.com |

***Family Details***

| | |
|---|---|
| **GRANDFATHER** | : Late Ishwarlal Nanalal Khakhra |
| **GRANDMOTHER** | : Late Hiraben Ishwarlal Khakhra |
| **FATHER’S NAME** | : Jayesh Ishwarlal Khakhra |
| **MOTHER’S NAME** | : Sonal Jayesh Khakhra |
| **UNCLE** | : Vipul Ishwarlal Khakhra<br>Mahavir Tea Depot, Sharaff Bajaar,<br>Dhoraji |
| **SIBLINGS** | : Saakshi Khakhra, Ritika Khakhra<br>(Both Younger) |
| **NATIVE PLACE** | : Dhoraji, Gujarat. |
| **OCCUPATION** | : BUSINESS :- Wholesale Cloth Merchant |
| **OFFICE ADDRESS** | : 30-32 Ramwadi, 2nd floor, Shop No.27,<br>Opp. Aarya Nivas Hotel, Kalbadevi Road,<br>Mumbai-2 |
| **MOSAL** | : Vinodray Pranjeevan Sanghavi<br>(Native : Jam Bhanvad, At present : Surat) |
| Mama | : Harshit Vinodray Sanghavi |
| ContactNo. | : 8734008507 |

***Contact details***

| | |
|---|---|
| Jayesh Khakhra | : 9920404161 |
| Sonal Khakhra | : 8767109010 |
| Vipul Khakhra | : 9428282825, 9428282819 |
| **RES. ADD.** | : C-403 Shalibhadara Avenue, Opp. Martin complex, Vasai-Nalasopara Link Road, Nalasopara East, Mumbai. |

## એજ્યુકેશન ફંડ - ૨૦૨૩

**તા.૧૦-૦૬-૨૦૨૩ શનિવારે, શ્રી ગુજરાતી ક્લબ - માટુંગા મધ્યે આપણા શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજ મુંબઈ સમાજ સંચાલિત ''શ્રી પરેશ-સંજય અમીચંદભાઈ જીવનભાઈ વોરા શૈક્ષણિક સહાય'' યોજનાર્થે ફંડ કલેકશન ડ્રાઈવ માટે યોજેલ મિલન સમારંભનો અહેવાલ**

સમારંભની શરૂઆત શ્રી નમસ્કાર મહામંત્ર અને શ્રી સરસ્વતી દેવી વંદના સુંદર રાહ અને ઢાળમાં શ્રી જયંતભાઈ (જયુભાઈ) ચુનીલાલ દોશીએ રજૂઆત કરી.

ત્યારબાદ મંચ ઉપર સમાજના પ્રમુખ સેવક શ્રી કિરીટભાઈ મહેતા, ઉપપ્રમુખ શ્રી ધીરેનભાઈ વસા અને અન્ય હોદ્દેદારો બિરાજમાન થયા. સમાજના પ્રમુખ સેવકશ્રી કિરીટભાઈ મહેતાએ સમાજના ટ્રસ્ટના ટ્રસ્ટી પંકજભાઈ કાંતિલાલ વોરાને એ સમારંભના ચેરમેન તરીકે સ્ટેજ પર આવવા વિનંતી કરી. શ્રી પંકજભાઈ વોરાને મંચ ઉપર સ્થાન ગ્રહણ કરવા માટે વિનંતી કરી અને શ્રી પંકજભાઈએ વિનંતી ને માન આપ્યું.

સમાજના મંત્રી શ્રી આશિષભાઈ મહેતાએ કાર્યક્રમની શરૂઆત કરી. સમાજના સેવક પ્રમુખ શ્રી કિરીટભાઈના સ્વાગત પ્રવચન અને શ્રી આશિષભાઈએ સમાજની વિવિધ સમિતિઓના અહેવાલની રજૂઆત કરી અને ૨૦૨૨માં શિક્ષણ યોજનાને લગતો જરૂરી અહેવાલ (આવક અને જાવકનો હિસાબ અને હાલમાં ટોટલ કોર્પસ ફંડનો વિગતવાર અહેવાલ આપવામાં આવ્યો હતો. આગામી સમયમાં એજ્યુકેશન કોર્પસ ફંડ રૂા. ૧ કરોડ સુધી પહોંચાડવાની જાહેરાત શ્રી કિરીટભાઈએ કરી અનેસહુએ તાળીના ગડગડાટથી તેમના વિચારને વધાવી લીધો. ત્યારબાદ શ્રી ધીરેનભાઈ વસાએ એજ્યુકેશન ફંડમાં આવેલા ફાળાની વિગત હાજેર કરી હતી જોતજોતામાં લગભગ ૧૫ લાખ જેવી રકમ જાહેર થઈ.

ત્યારબાદ શ્રી આશિષભાઈએ હાજર રહેલા સમાજના આગેવાનોને પોતાના મંતવ્ય જણાવવા જણાવ્યું હતું.

શ્રી વિનોદભાઈ ઝવેરચંદ વસાએ પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું અને જણાવ્યું કે આપણો સોરઠ સમાજ બહુજ નાનો છે અને એજ્યુકેશન ફંડ અને સમાજના વિકાસ માટે આપણા સમાજમાં રહેલા સી.એ, એમ.બી.એ, ડોક્ટર્સ અને એન્જિનિયર્સને ભેગા કરી એક મિટિંગ કરવી અને તેમના અગત્યના મંતવ્ય, વિચાર આપ લે કરી આપણા સમાજમાં એજ્યુકેશન માટે કાયમી ફંડ ઉભું કરવું તેમજ સમાજને દરેક ક્ષેત્રમાં આગળ કેમ લાવવો જેથી આપણો સમાજ આગળ જતા સધ્ધર થઈ શકે.

શ્રી શશિકાન્તભાઈ વોરાએ પણ પોતાના અંગત મંતવ્ય આપ્યા અને બહારગામ તેમજ મુંબઈમાં તમામ જરૂરિયાતવાળા વિદ્યાર્થીને મદદરૂપ થવા માટે જણાવ્યું હતું. ત્યારબાદ શ્રી પંકજભાઈ વોરાએ પણ પોતાના મંતવ્ય જણાવ્યા હતા અને એજ્યુકેશન કમિટીના કન્વીનર શ્રી જયંતભાઈ ચુનીલાલ દોશીએ સંતોષકારક ખુલાસા આપ્યા તેમના થી બનતા તમામ પ્રયત્ન કરેલા છે અને ભવિષ્યમાં પણ કરતા રહેશે તે પ્રકારની બાહેંધરી આપી હતી. શ્રી ચંદ્રકાન્તભાઈ પારેખે પણ એજ્યુકેશન સ્કીમ માટે ૧૮૦૦૦ રૂા.માં એક વિદ્યાર્થી દત્તક લેવાની સ્કીમ માટે સુઝાવ કર્યો અને તે સ્કીમ બધાને ખુબજ ગમી અને સમાજના ઉપપ્રમુખ શ્રી ધીરેનભાઈ વસાએ આવેલા તમામે તમામ સુઝાવ કારોબારી કમિટીમાં વિગતવાર ચર્ચા કરીને યોગ્ય રીતે અમલમાં મુકવામાં આવશે તેવી જાહેરાત કરી હતી.

શ્રી કિરીટભાઈ મહેતાના પ્રમુખપદ હેઠળ સમાજ પ્રગતિ કરી રહ્યો છે અને દરેકને સંતોષ છે અને શ્રી કિરીટભાઈને સમાજ માટે સારામાં સારા કાર્ય કરવાની ધગશ છે અને તેમાં તેમને દરેક કમિટી મેમ્બર્સનો સાથ સહકાર હમેશા તૈયાર જ હોય છે, અને સાથે સમાજના મહાનુભાવો દાનવીરોએ તેમની પુણ્યવંતી લક્ષ્મીથી સમાજની ઝોળી ભરી દીધી છે. અંતમાં સમારંભ સભાનું સમાપન શ્રી યોગેશભાઈ મહેતાએ આભારવિધિ સાથે કરેલ અને ત્યારબાદ કેસર બાસુંદી - પુરીનું જમણ તૈયાર હતું. સભાની શરૂઆત પહેલા ચોવિહારની વ્યવસ્થા રાખવામાં આવેલી હતી.

# શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજ મુંબઈ દ્વારા આયોજિત શૈક્ષણિક સહાય અભિયાનની તસવીરી ઝલક




















# શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજ મુંબઈ દ્વારા આયોજિત શૈક્ષણિક સહાય અભિયાનની તસવીરી ઝલક




















## Paresh - Sanjay Amichand Jivanbhai Vora Education Fund - 2023

| Sr. No | Name of the Donor/Trust | Amount |
|---|---|---|
| 1 | SHRI TARACHAND DHANJI MEHTA PARIVAR | 151,000.00 |
| 2 | SHRI KANTILAL NANDLAL VORA PARIVAR | 151,000.00 |
| 3 | SHRI SHRIKANTBHAI SAKARCHAND VASA PARIVAR | 150,000.00 |
| 4 | SHRI LALITBHAI DAMODAR MEHTA PARIVAR | 111,111.00 |
| 5 | SHRI JAYESHBHAI MANSUKHLAL PAREKH | 108,000.00 |
| 6 | SHRI ABHAYBHAI DALICHAND PAREKH PARIVAR | 100,000.00 |
| 7 | SMT. UMABEN KISHORBHAI SHAH | 100,000.00 |
| 8 | SMT. KANCHANBEN AMICHAND JIVANBHAI VORA PARIVAR | 100,000.00 |
| 9 | SHRI JAYANTBHAI VRAJLAL MEHTA | 81,000.00 |
| 10 | SHRI PRAVINCHANDRA LAXMICHAND SANGHAVI PARIVAR | 54,000.00 |
| 11 | SHRI PRANLALBHAI KAPOORCHAND DOSHI PARIVAR | 51,000.00 |
| 12 | SHRI MANEKLAL ZAVERCHAND VASA & NARMADABEN VASA CHARITABLE TRUST | 51,000.00 |
| 13 | SHRI GIRDHARLAL JIVANBHAI VORA PARIVAR | 50,000.00 |
| 14 | SHRI NAROTTAMDAS JIVANBHAI VORA PARIVAR | 50,000.00 |
| 15 | SMT. GULABBEN CHHAGANLAL BHANSALI | 27,000.00 |
| 16 | SHRI JAYSUKHLAL AMRITLAL MEHTA | 21,000.00 |
| 17 | SHRI SHAILESHBHAI VRAJLAL VORA | 15,000.00 |
| 18 | SHRI VRAJESH SURESHBHAI VORA | 11,000.00 |
| 19 | SHRI MANGLABEN CHUNILAL DOSHI HASTE JAYANTBHAI C. DOSHI | 11,000.00 |
| 20 | SHRI MUKESH MANSUKHLAL BHIMANI | 11,000.00 |
| 21 | SHRI SUSHILBHAI JAYANTILAL SHAH | 11,000.00 |
| 22 | SMT. DIVYA KIRTIBHAI VASA | 11,000.00 |
| 23 | SHRI HARESH J MEHTA | 11,000.00 |
| 24 | SMT. SUJATA JAYESHBHAI SHETH | 11,000.00 |
| 25 | SMT. SADHNABEN RAMESHBHAI SHETH | 11,000.00 |
| 26 | SHRI PARIMAL MANSUKHLAL BHIMANI | 9,000.00 |
| 27 | SHRI PRAVINCHANDRA MANSUKHLAL SHETH PARIVAR | 9,000.00 |
| 28 | MATUSHRI JAYABEN JADAVJI BHANSALI | 9,000.00 |
| 29 | SHRI PIYUSH MANSUKHLAL BHIMANI | 9,000.00 |
| | TOTAL | 14,95,111.00 |

પરીક્ષામાં પૂછવામાં આવ્યું : કરોડો રૂપિયાની બેન્કોમાંથી હેરાફેરી થઈ ગઈ. પણ દોરીથી બાંધેલી પેન ત્યાંની ત્યાં જ રહી ગઈ આ નિબંધનો ભાવાર્થ લખો :

એક પ્રતિભાશાળી વિદ્યાર્થીએ લખ્યું ભાવાર્થ : લક્ષ્મીની ચોરી થાય પરંતુ સરસ્વતીની નહિ. એટલા માટે છોકરાઓને શિક્ષિત બનાવો ધનવાન નહીં.

## રણમાં ખીલ્યું ગુલાબ
## કિસી દિન ચાંદ નિકલાથા યહાં સે....
## ઉજાલે આજ તક છત પર ખડે હે....

❑ ડોક્ટર શરદ ઠાકર (૩-૪-૨૦૨૨)

લાંબા રૂટની સરકારી બસ. ૪૦ વર્ષના કંડક્ટર અને ૨૫ વર્ષનો જુવાનજોધ ડ્રાઈવર. બંને ક્ષત્રિય પેસેન્જરથી ખીચોખીચ ભરેલી બસ સરકારી ગતિથી ચાલવાની ઝડપે દોડી રહી હતી. માર્ગમાં એક ગામ આવ્યું. કન્ડક્ટરે ઘંટડી વગાડી. ડ્રાઈવરને આશ્ચર્ય થયું. અહીં બસનું સત્તાવાર સ્ટોપેજ હતું નહીં પણ કંડક્ટર કનકસિંહનું માન રાખવા માટે એણે બસને ઉભી રાખી. રસ્તાની બાજુમાં મોલથી લચી પડતું ખેતર હતું. ખેતરના એક ખૂણામાં બે માળનું રળિયામણું મકાન હતું. જાણે બસની રાહ જોઈ રહી હોય એમ એ ઘરની અંદરથી બે રૂપાળી સ્ત્રીઓ ઝડપથી ઢેલની જેમ ચાલીને બસ પાસે આવી. એકના હાથમાં ડબ્બો હતો, બીજીના હાથમાં એક ડોલચું. કનકસિંહે એ સ્ટીલનો ડબ્બો અને ડોલચુ લઈ લીધા ત્રણેય જીવો વચ્ચે પ્રેમભર્યા સ્મિતની આપ-લે થઈ અને કનકસિંહે ઘંટડીની દોરી ખેંચી. ડ્રાઈવર રાજવીરસિંહે બસ હંકારી મુકી. લગભગ એકાદ ક્લાકનો પંથ કાપ્યો એ પછી મોટું સ્ટોપેજ આવ્યું. કંડક્ટરે મોટા અવાજમાં જાહેર કર્યું... 'અહીં ૩૫ મિનિટનું રોકાણ છે. ચા-પાણી, નાસ્તો કે જમવાનું જે હોય તે બધું અહીં જ પતાવી દેજો. જ્યારે હું બેવાર ત્રણ ત્રણ ઘંટડી વગાડું ત્યારે બધા પાછા આવી જજો. બસ તમારી સગી નથી થતી. જે નહીં આવે એના માટે ઊભી નહીં રહે...'

પેસેન્જર્સ હસી પડ્યા. મોટાભાગના જેઓ આ રૂટ ઉપર મુસાફરી કરવા ટેવાયેલા હતા એ બધાને કનકસિંહના મજાકિયા સ્વભાવની જાણ હતી. બાપુ ક્યારેક ખીજાય જાય તો તે કોઈને ખરાબ લાગતું ન હતું. બધા મુસાફરો નાસ્તા-પાણી માટે ગોઠવાઈ ગયા ત્યારે કનકસિંહએ ડ્રાઈવરને કહ્યું...'આપણે બહારનું ખાવાનું નથી. આજે મારા ઘરેથી...' બંને જણા એક ખાલી ટેબલ પાસે ગોઠવાઈ ગયા. મેથીના થેપલા, માખણ, આથેલા મરચાં અને સુકી ભાજી આરોગવા લાગ્યા. ડોલચામાં મસાલાવાળી ચા પણ હતી. અચાનક ડ્રાઈવર રાજભાએ હિંમત કરી નાખી. 'કનકુભા, એટલું તો વગર કીધે હું સમજી ગયો કે એ તમારૂં ઘર હતું, પણ મને એ ન સમજાયું કે બે બહેનોમાંથી તમારા ઘરવાળા... ?' કનકસિંહ હસી પડ્યા... 'તમારા સવાલનો જવાબ હું એક વાક્યમાં નહીં આપી શકું, રાજભા.. એના માટે તો મારે તમને પંદરેક વર્ષ પહેલાના સમયમાં લઈ જવા પડશે...' 'કનકુભા, માંડીને વાત કરો તો મજા પડશે....'

રાજભાના મોઢામાં રજપૂતાણીએ બનાવેલા ભોજનનો સ્વાદ હતો અને કાનમાં ૫૬ ઈંચની છાતીવાળા ક્ષત્રિયના મુખથી ટપકતી વાત રમાંચ પ્રવેશી રહી. 'ત્યારે મારી ઉમર ૨૫ વર્ષની. જુવાની દેહ ફરતે આટો દઈ ગયેલી. ધરતી ઉપર પાટુ મારૂં તો પાણી કાઢું એટલી શક્તિ હતી. મારૂં લગ્ન તો હું ૨૧નો હતો ત્યારે જ થઈ ગયું હતું. પત્નીનું નામ સુરજ. ઘરમાં હું, સૂરજ અને બા-બાપુ એમ ચાર જણા હતા. ખેતીનું કામ બાપુ સંભાળતા હતા હું નવરો હતો એટલે શોખ ખાતર નોકરીમાં રહી ગયો. સરકારી બસમાં કંડક્ટર. મને નાના-નાના રૂટ પસંદ ન હતા. ત્યારે પણ આઠ-દસ કલાકનો રૂટ જ હું ખેડતો હતો. એક વાર આવા જ એક..'

'બાપુ ક્યા રૂટ પર જતા હતા એ તો જણાવો.' રાજભાને રસ પડ્યો. નામ નહીં જણાવું દક્ષિણ ગુજરાતનું ટર્મિનસ હતું. ત્યાંથી મારા ગામ તરફ વળતો પ્રવાસ હતો. અધવચ્ચે બસ ઊભી રહી. ત્યાંથી એક બાઈ બસમાં ચડી. જુવાનીના તોરણથી શોભતી અને રૂપના અંબારથી લચી પડતી એ બાઈની કેડમાં એક ધાવણો દીકરો પણ હતો. મેં પૂછ્યું કે ક્યાંની ટિકિટ ફાડું.. ? તો એ કહે જ્યાં આ બસ છેલ્લે ઉભી રહેવાની હોય ત્યાં મને ઉતારી દેજો... એના જવાબ અને અવાજ પરથી હું સમજી ગયો કે બાપડી દુખિયારી છે બસની ટિકિટના પૈસા લેવાનો સવાલ જ ન હતો. મેં મારા પૈસે ટિકિટ કાઢી આપી. એ ખાધા-પીધા વિના બેસી રહી. પૂરા આઠ ક્લાક પછી બસ ડેપોમાં પહોંચી પેસેન્જર્સ ઉતરી ગયા. હું ઓફિસમાં પૈસા જમા કરાવવા ચાલ્યો ગયો.

બસ..! એ બાઈ સાથે તમારો આટલો જ સંગાથ ? આમ તો આટલેથી જ વાત પૂરી થઈ ગઈ હોત, જો એ ત્યાંથી ચાલી ગઈ હોત. પણ હું પૈસા જમા કરાવીને પાછો આવ્યો ત્યારે એ હજુ ત્યાં જ ઉભેલી હતી. સુમસામ રાત હતી, નિર્જન બસ સ્ટેશન હતું અને રૂપઝરતી એકલી જુવાન સ્ત્રી હતી. મેં પૂછ્યું... 'રાત્રે ક્યાં રોકાશો ?' ત્યારે એણે કહ્યું... 'અહીં જ બાંકડા ઉપર પડી રહીશ.' આજુ-બાજુમાં કોઈ જ માણસ દેખાતું ન હતું પણ થોડે દૂર બે ચાર



**પૂ. બાને**
**કોટિ કોટિ વંદન**

# પૂજ્ય મુક્તાબેન વ્રજલાલ બેચરદાસ મહેતા

**જન્મઃ** તા. ૨૭-૭-૧૯૨૨

**સ્વર્ગવાસઃ** સંવત ૨૦૬૧ના વૈશાખ વદી ૧૩ને તા. ૫-૬-૨૦૦૫.

જગતની દરેક સમૃદ્ધિ મળે, પણ કલ્પવૃક્ષ સમી તમારી છાયા ક્યાંય મળશે નહીં, આશિષ મળ્યા તમારા,
રહી આજ સુધી છત્રછાયા આપની, હશે કોઈ ગત ભવના પુણ્ય અમારા,
જન્મોજન્મ મળે તમારો વાત્સલ્યભાવ એવી અમારી અંતઃકરણની અભ્યર્થના...!
આપે મમતાભર્યા પ્રેમથી અમારું પાલન-પોષણ કરી, સાચા ઉચ્ચ સંસ્કારોનું સિંચન કરી,
અમારા વ્યક્તિત્વને તમે વિકસાવ્યું છે. આપનો કુટુંબ પ્રત્યેનો સદ્ભાવ તેમજ સદ્ગુણોને સંભારી આપે
સૂચવેલા શાશ્વત મૂલ્યો અને ઉચ્ચ સંસ્કારોનો વારસો અમે સાચવી શકીએ તેવી પ્રેરણા પરમાત્મા અર્પે
**તેવી અહર્નિશા પ્રાર્થના...!**

## લિ. વ્રજલાલ બેચરદાસ મહેતા પરિવાર

**પુત્ર-પુત્રવધુઃ** જયંત-શોભના, ઈન્દુમતી હરકિશન મહેતા,
**પુત્રીઃ** હેમલતા શશીકાન્ત પારેખ **પૌત્રઃ** દિવ્યેશ પૌત્રવધુઃ દીપ્તી
**પૌત્રીઃ** ભાવના નિમેષકુમાર શેઠ **પૌત્રીઓઃ** એકતા ચિરાગ વેજાણી, તૃપ્તિ, હેતલ
**પ્રપૌત્ર** : પૂજન, ધ્રુવ, ધૈર્ય, **પ્રપૌત્રી** : જીયા,રીયા

**જયંત વી. મહેતા**

૬૦૧/૬૦૨, સાઈ દર્શન, એ-વીંગ, મનુભાઈ પી. વૈદ્ય માર્ગ, તિલક રોડ,
દિનેશ ભુવન દેરાસરની સામે, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ ૪૦૦૦૭૭

**મોબાઈલઃ ૯૮૨૦૦૨૫૬૭૪, ૯૮૧૯૯૭૧૨૧૩, ૯૮૨૦૩૫૨૮૨૯, ૯૮૨૦૯૨૫૬૭૪ / ૯૯૩૦૪૪૪૬૯૬**

Kayami/June

ખિસ્સાકાતરૂઓ અને નશાના બંધાણીઓ, મવાલીઓ આંટા મારતા હતા. મને એ બાઈની સલામતી ન દેખાણી. મેં પૂછ્યું : 'મારી સાથે આવશો.. ? મારા બા-બાપુ, પત્ની...' બાઈ એક પણ શબ્દ બોલ્યા વગર મારી સાથે આવવા માટે તૈયાર થઈ ગઈ... જુવાન ડ્રાઈવરની જીભ ઉપર તોફાન ભરી મજાક આવી ગઈ... 'વાહ, બાપુ.. ! તમને તો આવો રૂપાળો સંગાથ પામીને મોજ પડી ગઈ હશે, નહીં... ?'

'માતાજીના સોગંધ ખાઈને કહું છું, રાજભા... બાઈ ભારે રૂપવાન હતી એની ના નહિ, પણ એને જોઈને મારી આંખોમાં વાસનાનો એક દોરો પણ ફૂટ્યો ન હતો. હું કાંઈ મોટો સંયમી સાધુ-મહાત્મા ન હતો, પણ ખરૂં કારણ મારી રાજપૂતાણી હતી. સુરજબાનો સ્વભાવ સૂરજની જેવો જ તેજદાર અને દઝાડી મુકે તેવો હતો. એ બેઠી હોય અને જો હું બીજી સ્ત્રી તરફ નજર સરખી પણ માંડું તો મારી સુરજ અમને બેઉને બાળીને ભસ્મ...' 'ભૂલ થઈ ગઈ બાપુ... ! પછી શું થયું ?'

ઘર તરફ જતા મેં એના વિશે પૂછપરછ કરી. ક્યાંની છો... ? દીકરો છે એટલે પતિ પણ હશે જ. ગામ કયું... ? તારો વર શું કરે છે ? કોઈ સાથે પ્રેમ નથી... ? આ અફાટ જગતમાં સાવ એકલી ક્યાં જઈશ... ? હું પૂછતો ગયો અને એ જવાબો આપતી ગઈ. જે જાણવા મળ્યું એ આ હતું બાઈ બધી રીતે સર્વગુણસંપન્ન, પણ એનો ધણી શરાબી. દારૂ પીવામાં બધું ખેદાન-મેદાન થઈ ગયું. ઘરના ઠામડા પણ વેચાઈ ગયા. હવે બાટલીના પૈસા ક્યાંથી લાવવા ? વેચવા માટે હવે એક જ વસ્તુ બચી હતી. એક દિવસ એ ઘરાકને લઈ આવ્યો. પત્નીને કીધું કે આની સાથે... ! બાઈ તૈયાર ન થઈ. ખૂબ માર પડ્યો. બાઈ છોકરાને લઈને નીકળી ગઈ. જે બસ હાથમાં આવી એમાં બેસી ગઈ...'

'અરેરે... ! ભારે થઈ, બાપુ.. ! આટલી રૂપાળી અને સંસ્કારી સ્ત્રીના ભાગ્યમાં આવો પતિ... ?' રાજભા, દરેક જાતવાન ઘોડા ઉપર બેસનાર અસવાર રાજકુમાર જ હોય એવું ન બને. ચોર-લૂંટારાને ડાકુ પણ ક્યારેક.. ! ! જવા દો એ વાત. રાત્રે ઘરે પહોંચ્યા. મેં સૂરજને જગાડીને બધી વાત કરી. બા-બાપુ પણ આવી ગયા. મારી બાએ પૂછ્યું : બાઈ, તારી ઈચ્છા જણાવ, તારે શું કરવું છે.. ? બાઈએ કહી દીધું. હું તમારા આશરે આવી છું. તમે જે સંબંધથી મને રાખજો એ સંબંધથી હું રહીશ. જો અહીંથી નીકળી જવાનું કહેશો તો દીકરાને લઈને કૂવામાં..' 'પછી શું થયું.. ?'

એ રાત્રે તો કોઈ નિર્ણય લેવાયો નહીં. મારી પત્ની સુરજ ગર્ભવતી હતી. આઠમો મહિનો ચાલતો હતો. એ રાત્રે મને બહાર ખાટલામાં સુવડાવીને બંને સ્ત્રીઓ અંદરના ઓરડામાં સુઈ ગઈ. રાતભર એ બંનેની ગુસપુસના અવાજો આવતા રહ્યા. સવારે શિરામણ વખતે સહુની હાજરીમાં સુરજે કહી દીધું..'આ બાઈને હું રાજીખુશીથી આ ઘરની વહુ બનાવું છું અને નવું નામ આપું છું. સાથે-સાથે મારો પતિ પણ આપું છું. આજ પછી ચંદા મારી નાની બહેનની જેમ મારી સાથે જ રહેશે. કોઈએ ના પાડવાની નથી...' 'અરે તમારા પત્ની સુરજબાએ આવું કહ્યું ? ? તમે તો કહેતા હતા કે સુરજબાનો સ્વભાવ બાળી નાખે તેવો છે...'

'હા, પણ આ જગત એ સુરજના પ્રતાપે જીવી રહ્યું છે. સૂરજે વિચારી લીધું કે એ નિરાધાર, જુવાન, સ્ત્રી કોઈપણ જાતના સંબંધ વગર આ સમાજમાં જીવી નહીં શકે. લોકો ભાતભાતની વાતો કરશે, એના કરતાં એના માથા ઉપર પતિના નામનું ઓઢણું મૂકી દેવામાં આવશે તો લોકોનાં મોં ઉપર કાયમ માટે તાળું વસાઈ જશે. સુરજનો નિર્ણય સુપ્રીમ કોર્ટનો ચુકાદો હતો. બધાએ સ્વીકારવો જ રહ્યો. બીજા દિવસે મારા અને ચંદાના લગ્ન થઈ ગયા. કોઈ પણ જાતની કાનૂની પ્રક્રિયા કર્યા વગર સંસાર શરૂ થયો. આજે દોઢ દાયકા પછી પણ અમારા પ્રવાસમાં નાનો સરખો બમ્પ કે ખાડો આવ્યો નથી. અમે પ્રેમનો ગુણાકાર જ કરી જાણ્યો છે...'

'બાપુ, બંને પત્નીઓથી કુલ કેટલા સંતાનો થયા ?' સુરજ ગર્ભવતી હતી. એણે પૂરા મહિને દીકરીને જન્મ આપ્યો. અમે ત્રણેય જણાએ નક્કી કર્યુ કે ઘરમાં ચંદાને એક દિકરો છે અને સૂરજની એક દીકરી. ત્રીજુ સંતાન નથી જોઈતું. બસ, અમારા બંને બાળકો સરસ રીતે ઉછરી રહ્યાં છે. આંગણે આવેલી એક નિરાધાર સ્ત્રીને આશરો આપવાનું અને એના દીકરાને પોતાનો દીકરો માનીને અમારો વારસો આપવાનું પવિત્ર કાર્ય મારી રજપૂતાણીએ કર્યુ છે...'

જુવાન ડ્રાઈવર ચા ના મીઠા ઘૂંટડા ભરતા ભરતા વિચારી રહ્યો... વાહ ! ! સુરજ-ચંદાની આવી જોડી તો આસમાન પાસે નથી. માતાજી તમારી ત્રિપુટીને અખંડ રાખે.

(સત્યઘટના : સુરજબાના દીકરી અત્યારે આઈ.પી.એસ. થઈ ગયા છે અને ચંદાબાનો કુંવર હાલમાં અમેરિકામાં વેલ સેટલ્ડ છે.)

# ૨૭ મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



## સ્વ. શ્રીમતી વિલાસબેન વિનોદભાઈ શાહ

જન્મઃ તા. ૧૧-૭-૧૯૫૦ ❖ સ્વર્ગવાસ : તા. ૧૦-૬-૧૯૯૬

**વર્ષ ૨૭ વીતી ગયાં પણ જાણે કાલની વાત છે. દ્રષ્ટિમાં હજુય રમે છે તમારો હસમુખ ચહેરો અને માયાળુ સ્વભાવ, આપના જીવનમાં નીતરતી સદાય સેવા અને કુટુંબ ઉપયોગી સમર્પણની સુગંધ સમગ્ર કુટુંબને સદાય મહેંકતી રાખશે.**

''તમે ધૂપસળી જેવું જીવન જીવી ગયાં
સુગંધ જેની ચૌ-તરફ મૂકતાં ગયાં.''

આપના આત્માને પરમકૃપાળુ પરમાત્મા પરમશાંતિ આપે તેમ જ આપના આશિર્વાદ હંમેશ અમારી સાથે રહે તેવી અમારી અંતઃકરણપૂર્વકની પ્રાર્થના...!!!

**લિ.**

**સ્વ.વિનોદભાઈ શામજી શાહ**

**પુત્ર-પુત્રવધુ :** જિગર - ઉર્વી

**દીકરી-જમાઈ :** ચૈતાલી - પરીન શાહ

**પ્રપૌત્ર :** નીવાન

**દોહિત્ર :** વિધાન અને વિહાન

**શાહ શામજી સુંદરજી પરિવાર (વંથલી-સોરઠ) હાલ ગોરેગામ, દહાણુ રોડ, મહેતા ચુનીલાલ વીરચંદ પરિવાર (મેવાસા) હાલ જામનગર, કલકત્તા**

Kayami/June

# લાગવગ - વાત એક માણસની

❑ ગિરીશ ગણાત્રા

**અહીં કોઈ લાગવગ, સિફારશ કે પૈસો પોતાનું કામ કરાવી શકતો નથી. જે કામ કરાવી જાય છે તે શિસ્ત અને મહેનત. આશિષ તમારો છોકરો ન હોત તો પણ એને ખાલી જગા પર એડમિશન મળ્યું હોત અને એ એના માર્ક્સ અને સર્ટીફિકેટના જોર પર. એ જ એની લાગવગ કે ભલામણ હતી. આ શાળામાં 'લાગવગ'ની એક નવી જ વ્યાખ્યા તમને જાણવા મળશે, જે વ્યાખ્યા તમને તમારા રોજબરોજના વ્યવહારમાં જાણવા નહિ મળે.**

પ્રિન્સિપાલ પાઠક પોતાની ઓફિસમાં બેઠા બેઠા વાર્ષિક અભ્યાસક્રમની આયોજનોમાં મશગૂલ હતા ત્યાં પ્યૂન આવીને હળવેકથી એમના ટેબલ પર કોઈનું વીઝીટીંગ કાર્ડ મૂકી ગયો પણ વિદ્યાર્થીઓને વરસ દરમિયાન કઈ રીતે, ક્યાં ક્યાં માધ્યમો દ્વારા ઉત્તમ રીતે શિક્ષણ આપવું એની યોજનામાં પાઠકસાહેબ એવા મશગૂલ હતા કે પેલા વીઝીટીંગ કાર્ડ સામે નજર કરવાનું પણ ભૂલી ગયા. દર બે-પાંચ મિનિટે પ્યૂન અંદર આવીને તપાસ કરી જતો કે સાહેબ પેલા આગંતુકનું કાર્ડ જોઈ એને મળવા બોલાવે છે કે કેમ, પણ સાહેબ તો અડધા ટેબલ પર પથરાયેલા મોટા ડ્રોઈંગ પેપરના ચાર્ટમાં કંઈક ને કંઈક સુધારા-વધારા કરતા હતા.



આખરે દસેક મિનિટ પછી પ્યૂને અંદર આવીને ધીમેથી કહ્યું : 'સર, જમુભાઈ શેઠ આપને મળવા માગે છે.' 'હં' માથું ઊંચું કર્યા વિના પાઠકસાહેબે માત્ર હોંકારો જ ભણ્યો. 'મોકલું એમને અંદર?' 'હેં!!' પાઠકસાહેબે માથું ઊંચું કર્યું કે તુરત જ પ્યૂને બાજુમાં પડેલું જમુભાઈનું વીઝીટીંગ કાર્ડ એમની સામે ધરી દીધું.

'દોલાજી,' સાહેબે પ્યૂનને ઉદ્દેશીને કડક સ્વરે કહ્યું, 'આ સમયે કોઈનેય હું મુલાકાત આપતો નથી એ જાણવા છતાંયે, તમે એનું વીઝીટીંગ કાર્ડ અંદર લાવ્યા શા માટે? તમારે બારોબાર જવાબ આપી દેવો જોઈતો હતો કે...' સર દોલાજીએ ધીરેથી કહ્યું, આ તો જમુભાઈ શેઠ છે. ઓળખો છો ને એમને? હમણાં જ એમણે આપણી સ્કૂલના પાછલા રસ્તે એક મોટો બંગલો બંધાવ્યાં છે. આઠમી જુલાઈએ ભવ્ય વાસ્તુ કર્યું હતું. આપને જમવાનું નિમંત્રણ કાર્ડ પણ મોકલાવ્યું હતું. બહુ મોટા માણસ છે. મિનિસ્ટરો જોડે ખૂબ લાગવગ ધરાવે છે.

'સોરી' પાઠકસાહેબે કહ્યું, એમને કહો કે બપોરે ત્રણ વાગ્યા પછી આવે. પણ સાહેબ, એ અડધો કલાકથી બહાર બેઠા છે. બહુ ઉતાવળ છે છતાંયે ખાસ તમને મળવા આવ્યા છે. માત્ર બે જ મિનિટ.

ઓ.કે. એમને અંદર મોકલો. આજ પછી વીઝીટીંગ અવર્સના નિયમમાં ભંગ ન થાય તે જોજો. નહિતર એની શિક્ષા તમારે ભોગવવી પડશે. જાઓ, મોકલો એમને કહી પાઠકસાહેબ ફરી ચાર્ટમાં માથું નાખીને બેઠા. પ્યૂન જમુભાઈને અંદર લઈ આવ્યો. પાઠસાહેબ બોલે તે પહેલાં પાણીનો ગ્લાસ ભરી એમની સામે મૂકી દીધો.

પાઠકસાહેબે હસતાં મોંએ જમુભાઈનું સ્વાગત કર્યું અને કહ્યું : બોલો જમુભાઈ શું કામ છે? કામ તો જાણે એમ છે કે... કે... કહેતા કહેતા એ કોટના ખિસ્સા ફંફોળવા માંડ્યા અને બોલવા લાગ્યા, 'હમણા જ મેં અહીં બંગલો બંધાવ્યો છે. આ આઠમી જુલાઈએ એનું વાસ્તુ કરેલું... જો કે તમને પણ મેં નિમંત્રણ પાઠવ્યું હતું... શહેરની વચ્ચોવચ રહેતા જીવ ગૂંગળાઈ જાય છે એટલે પછી આ બાજુ જ આવી ગયો...' કહી એણે કોટના ખિસ્સામાંથી એક ચિઠ્ઠી કાઢી પાઠકસાહેબ સામે ધરી કહ્યું, એજ્યુકેશન મિનિસ્ટરની તમારા પરની આ ચિઠ્ઠી છે. ખુદ સાહેબે લખી છે. તમારી સ્કૂલ આખા શહેરમાં પ્રખ્યાત છે. એજ્યુકેશન સ્ટાન્ડર્ડ ઊંચું છે. આપણને આવી સ્કૂલ ગમે કે જ્યાં આપણા છોકરાઓને બેસ્ટમાં બેસ્ટ એજ્યુકેશન મળે... મારે એક બાબો છે. આઠમા ધોરણમાં ભણે છે. હવે આપણે એને તમારી સ્કૂલમાં મૂકવો છે.

પણ, જમુભાઈ વાક્ય પૂરૂં કરે તે પહેલાં પાઠકસાહેબે એની વાત વચમાંથી કાપી નાખી, પેલી ચિઠ્ઠી જમુભાઈ તરફ સરકાવી દેતાં કહ્યું : સોરી, નો એડમિશન. બધી જગાઓ જૂનના પહેલા અઠવાડિયામાં જ ભરાઈ ગઈ છે. આવતા વર્ષે એપ્રિલ મહિનામાં ફોર્મ લઈ જજો. પણ, પણ સાહેબ..., મને એજ્યુકેશન મિનિસ્ટરે કહ્યું હતું કે... આ ચિઠ્ઠી બતાવવાથી એડમિશન મળી જશે.

કહ્યું હશે. એમને સ્કૂલની પરિસ્થિતિનો ખ્યાલ નહિ હોય એટલે કહી દીધું હશે પણ અહીંની પરિસ્થિતિ જુદી છે. આ સ્કૂલમાં દાખલ થવા માટે એપ્રિલની દસમી તારીખ સુધીમાં ફોર્મ ભરી દેવાનું. મે મહિનાના છેલ્લાં અઠવાડિયામાં ઈન્ટરવ્યૂ અને એડમિશનનું પતી જાય છે. પછી ઊઘડતી સ્કૂલે કોઈએ એડમિશનની પૂછપરછ કરવાની રહેતી નથી. થેંક યૂ તમે આવતા એપ્રિલ મહિને ફોર્મ

શ્રદ્ધાંજલિ

## -: માતૃદેવો ભવ :-



**માતુશ્રી મંજુલાબેન નગીનદાસ મહેતા**

**થાણા દેવડી (અમર નગર)**

**હાલ: ઘાટકોપર /બોરીવલી**

**જન્મ : ૧-૮-૧૯૩૧**

**અરિહંતશરણ: ૨૯-૬-૨૦૧૧**

**પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શક્તિ હતી,**
**પરિશ્રમ જેનું કર્તવ્ય હતું, અંજલિ આપતા હૈયું તૂટે છે,**
**શ્રધ્ધાંજલી આપતા શબ્દો ખૂટે છે......**
**પરિવાર આખામાં આપનું જીવન એક સુશ્રાવિકા તરીકે આપની ધાર્મિક દિનચર્યા અને અગણિત તપશ્ચર્યા....**
**જે અમને હર ક્ષણે તમારી ઉપસ્થિતિનો આભાસ થયા કરે છે.**
**ક્યારેક કહેવાયેલા તમારા સત્સંગના ભણકારા સંભળાયા કરે છે**
**અને યાદોમાં તમારા દર્શન થયાં જ કરે છે.**
**પ્રભુ તમારા દિવંગત આત્માને પરમશાંતિ અર્પે એવી પ્રાર્થના......**

| | | | |
|---|---|---|---|
| **પુત્ર - પુત્રવધૂ** | : સ્વ. રમેશચંદ્ર - મધુબેન | **પુત્ર- પુત્રવધૂ** | : મયુર-કીર્તિબેન |
| **પૌત્ર-પૌત્રવધૂ** | : સૌરભ-જીનાલી / અંકિત-કોમલ | **પૌત્ર-પૌત્રવધૂ** | : મહેક-પ્રગતિ / રોનક-અદિતિ |
| **પૌત્રી-જમાઈ** | : બિજલ-જીગર | **પ્રપૌત્ર/પ્રપૌત્રી** | : રિશાન - મનય, પરી-ધન્વી |
| **દીકરી-જમાઈ** | : ઉર્મિલાબેન-હસમુખભાઈ | **દીકરી-જમાઈ** | : તુલાબેન-કમલેશભાઈ |
| **દોહિત્ર-દોહિત્રવધૂ** | : ભાવિન-કેજલ, નિરવ-ચૈતાલી, ધવલ-ક્રીપ્સુ | **દોહિત્રી-જમાઈ** | : ભૂમિ-નિરવ |

**શ્રી જમનાદાસ કાનજીભાઈ સંઘવી (જૂનાગઢ) પરિવાર, સ્નેહીજનો તથા સમસ્ત પરિવાર**

**કીર્તિ ડિયામ** (જ્વેલર્સ)

૭/૮/૯, શંકર નગર, વલ્લભબાગ લેન,તિલક રોડ કોર્નર, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઇ - ૪૦૦ ૦૭૭.

**ફોન : ૦૨૨ ૨૧૦૨ ૭૦૮૩ / ૨૧૦૨ ૫૯૨૪**

**મયુર મહેતા : ૯૮૨૦૦૫૬૨૨૬**

Kayami/June

ભરી શકો છો...કહી સાહેબે ચાર્ટમાં માથું ઘાલી દીધું.

પણ જમુભાઈ ગયા નહિ. થોડી ક્ષણો વિચાર કરી એણે કહ્યું : એવું હોય તો સાહેબ... આપણે... આપણે થોડું ડોનેશન આપવા પણ તૈયાર છીએ. આભાર તમારો માથું ઊંચું કરીને પાઠકસાહેબે કહ્યું, આ શાળા કોઈ પણ સહકારી સહાય વિના જ ચાલે છે. શાળાની પાસે પોતાનું ભંડોળ છે. એમાંથી જ શાળાનો વહીવટ ચાલે છે. તેમ છતાંયે, એડમિશનની કે એવી કોઈ અપેક્ષા વિના આપને કોઈ પણ જાતની શરત વિના દાન કરવું હોય તો શાળા સ્વીકારશે...




અહીંના ટ્રસ્ટી મંડળમાં કોણ કોણ છે ? હું પોતે, મારી પત્ની, મારો પુત્ર અને પુત્રવધૂ તથા આ શાળાના ત્રણ સંનિષ્ઠ સિનિયર શિક્ષકો ટ્રસ્ટીઓ છીએ. મારો પુત્ર અને પુત્રવધુ અહીં શિક્ષકો છે. બહાર કમ્પાઉન્ડમાં આવેલી પાણીની રૂમમાં બાઈ મારી પત્ની છે. અમારૂં ટ્રસ્ટી મંડળ શાળાના સમયે હાજર જ હોય છે. શાળાની આ પરિચય પુસ્તિકા આપને આપું છું. અવકાશે એના પર નજર કરી જજો... ચાલો ત્યારે આવજો. કહી પાઠકસાહેબ ખુરશીમાંથી ઊભા થયા અને જમુભાઈ શેઠને બારણા સુધી વિદાય કરી આવ્યા.

પછીના અઠવાડિયે જમુભાઈ શેઠે પોતાની તમામ લાગવગ ઠાલવી દીધી પણ એના પુત્રને આ શાળામાં એડમિશન ન મળ્યું તે ન જ મળ્યું. એક દિવસ બપોરે એક છોકરો હાથમાં અરજીપત્રક અને આગલા વર્ષના પ્રોગ્રેસ રિપોર્ટ સાથે પાઠકસાહેબને મળવા આવ્યો અને કહ્યું : સાહેબ, આ શાળામાં મારે એડમિશન જોઈએ છે... સોરી, નો એડમિશન.

મને ખબર છે કે ઘણો જ મોડો છું. મને આ શાળાની એડમિશન પ્રથા વિશે જરા પણ માહિતી નહોતી, પણ હવે છે. હું આવતા એપ્રિલ મહિનામાં ફોર્મ ભરી જઈશ પણ મારા આગલા વર્ષના પ્રોગ્રેસ રિપોર્ટ જોઈ મને કહેશો કે આવતા વર્ષે મને આ શાળામાં એડમિશન મળી શકે કે કેમ ?

પ્રિન્સિપાલ પાઠક એ વિદ્યાર્થીના આગલા વર્ષના તમામ રિપોર્ટસ જોઈ ગયા, નેવું-બાણું ટકા માર્ક્સ સાથે એ વિદ્યાર્થી હંમેશા પહેલા નંબરે પાસ થતો આવ્યો હતો. શાળાના વાર્ષિક રમતોત્સવમાં એણે ઘણાં ઘણાં ઈનામો જીત્યાં હતાં એ મતલબના સર્ટીફિકેટો જોઈ પાઠકસાહેબ હરખાઈ ગયા અને ખુશ થતાં કહ્યું :

ગુડ... વેરી ગુડ...હું ઈચ્છું છું કે તારા જેવો વિદ્યાર્થી મારી શાળામાં હોય... પણ એક કામ કર. તારી અરજી અહીં મૂકતો જા. કદાચ આગલા અઠવાડિયે એક જગા ખાલી પડે એવી શક્યતા છે. આજે સવારે જ એક ગવર્નમેન્ટ ઓફિસરની પુત્રી લિવિંગ સર્ટીફિકેટ માટેની અરજી આપી ગઈ છે. એના પિતાજીની બદલી થવાથી એને આ શાળા છોડવી પડે એમ છે. જો એ જશે તો એક જગા ખાલી પડશે. હું ટ્રસ્ટી મંડળ પાસે તારી અરજી મૂકી દઈશ. તારા પ્રોગ્રેસ રિપોર્ટ અને સર્ટીફિકેટો ભલે મારી પાસે રહ્યા. આવતા અઠવાડિયે આ શનિવારે જ બપોરે અઢી વાગે મને મળજે....

એ શનિવારે આ છોકરાને શાળામાં એડમિશન મળી ગયું. સોમવારે બપોરે જમુભાઈ પાઠક સાહેબને મળવા આવ્યા અને કહ્યું : થેંક્યૂ સાહેબ, તમે મારા પુત્રને શનિવારે એડમિશન આપ્યું એ માટે તમારો આભાર માનવા આવ્યો છું. આશિષ... આશિષ જંગબારી તમારો પુત્ર છે. હા, માર્કેટમાં બધા મને જમુભાઈ શેઠના નામે ઓળખે છે એટલે શેઠ મારી ધંધાદારી અટક બની ગઈ છે, બાકી મૂળ અટક તો જંગબારી જ છે. હં...આશિષ ખૂબ જ બ્રિલિયન્ટ બોય છે. ખૂબ જ હોંશિયાર અને મહેનતુ છોકરો છે. છેસ્તો વળી. એના નસીબ એટલાં સારા છે કે એ મને મળ્યો. એ જ અરસામાં એક જગા ખાલી પડી અને એને એડમિશન મળી ગયું.

પાઠકસાહેબ જમુભાઈ શેઠે ખંધુ હાસ્ય કરીને કહ્યું, તે દિવસે મિનિસ્ટર સાહેબની ભલામણ પરથી જો તમે મને બોલાવી આ એડમિશન આપ્યું હોત તો કદાચ તમે તમારી સ્કૂલ માટે લાખ સવા લાખ રૂપિયા મેળવી શક્યા હોત..

જુઓ જમુભાઈ, પાઠકસાહેબે જરા કડક અવાજે કહ્યું, હવે તમે આ સ્કૂલના વાલીમંડળમાં સામેલ થઈ ગયા છો એટલે એક વાત કહી દઉ. અહીં કોઈ લાગવગ, સિફારશ કે પૈસો પોતાનું કામ કરાવી શકતો નથી. જે કામ કરાવી જાય છે તે શિસ્ત અને મહેનત. આશિષ તમારો છોકરો ન હોત તો પણ એને ખાલી જગા પર એડમિશન મળ્યું હોત અને એ એના માર્ક્સ અને સર્ટીફિકેટના જોર પર. એ જ એની લાગવગ કે ભલામણ હતી. આ શાળામાં લાગવગની એક નવી જ વ્યાખ્યા તમને જાણવા મળશે. જે વ્યાખ્યા તમને તમારા રોજબરોજના વ્યવહારમાં જાણવા નહિં મળે. તમારામાં અને તમારા રોજબરોજના વ્યવહારમાં જાણવા નહિ મળે. તમારામાં અને તમારા પુત્રમાં એક જ ફરક છે. તમે કેળવણી પ્રધાનની ચિઠ્ઠી લાવ્યા અને આશિષ એના આગલા વર્ષોના પ્રોગ્રેસ રિપોર્ટર્સ લાવ્યો.... લાગવગની વ્યાખ્યાનો તમને પહેલો પરિચય થઈ ચૂક્યો ને...?

# તું મને કહીશ કે એમાં એનો શું વાંક છે?

❑ કૃષ્ણકાંત ઉનડકટ

કોણ કહેશે કે વમળ હોતા નથી, આપણા ચક્ષુ ચપળ હોતા નથી,
આંખમાં આંજ્યા પછી નારાજગી, લૂછવા માટેય જળ હોતા નથી,
ક્યાંકથી ઓછી પડે છે સાધના, ક્યાંક સંજોગો સરળ હોતા નથી,
આદમી તો સાવ સાચ્ચો હોય છે, ફક્ત પુરાવા સબળ રહેતા નથી

- ચંદ્રેશ મકવાણા 'નારાજ'

દરેક માણસ વધતા કે ઓછા અંશે દરેકને જજ કરતો રહે છે. આપણા બધાની અંદર એક ન્યાયાધીશ બેઠો છે. એ કોઈને દોષી ઠેરવતો રહે છે. કંઈ પણ થાય એટલે આપણે બધાં એ વિચારીએ છીએ કે એમાં વાંક કોનો છે ? દોષનો ટોપલો ઢોળવા માટે કોઈ માથું જોઈતું હોય છે. આપણાને જેની સાથે કંઈ લાગતું-વળગતું ન હોય એને પણ આપણે આપણા ત્રાજવે તોળતાં રહીએ છીએ. આપણા ત્રાજવા એક તરફ ઝુકેલા હોય છે. આપણે બધા થોડાઘણા અંશે બાયસ્ડ હોઈએ જ છીએ. આપણું મન હંમેશાં આપણી ગમતી વ્યક્તિની તરફેણ કરતું રહે છે. વાંક હોય તો પણ આપણને એનો વાંક દેખાતો નથી. પ્રેમ વિશે હંમેશાં એવું કહેવાતું રહ્યું છે કે, પ્રેમ આંધળો છે. પ્રેમ સારું કે નરસું પારખી શકતો નથી. કદાચ પ્રેમની બ્યૂટી પણ એ જ છે ! એમાં પારખવાની જરૂર જ ક્યાં રહે છે ? પામવાની ઝંખના હોય ત્યારે પારખવાની પરવા કોઈ કરતું નથી !



આપણી સામે સતત કંઈક ચાલતું રહે છે. કોઈ ને કોઈક ઘટના બનતી જ રહે છે. આપણે તરત જ એના વિશે વિચાર કરીએ છીએ. બહાર જે એક્શન થાય એવું રિએક્શન મન આપી જ દે છે. આપણે બોલીએ કે ન બોલીએ એ જુદી વાત છે, પણ એક પ્રતિભાવ તો આપણી અંદર પડતો જ રહે છે. એક યુવાન થોડાક ઊંચા અવાજે ગીત ગાતો હતો. ગીતના શબ્દો થોડાક ઊંધા-ચત્તાં થઈ જતા હતા. તેનો મિત્ર આ ગીત સાંભળતો હતો. તેનાથી રહેવાયું નથી. તેણે કહ્યું કે,'ગાવું હોય તો સાચું ગીત ગા, આમ દે ઠોક નહીં કર !' આ વાત સાંભળીને તેના મિત્રએ કહ્યું,'શું ફેર પડે છે યાર? હું ક્યાં કોઈ કોમ્પિટિશનમાં છું કે હારી જઈશ ? હું તો મજા માટે ગાઉં છું ! બધી વાતને નિયમના ચાકડે ચડાવવાની શું જરૂર છે ?'

ઘણા લોકોને એવું કહેવું ગમતું હોય છે કે, તું ખોટો છે. તને કંઈ ખબર પડતી નથી. આવું કહીને આપણે આડકતરી રીતે એવું સાબિત કરવા મથતાં હોઈએ છીએ કે મને ખબર છે. મને આવડે છે. નિર્દોષતા અને નિખાલસતા દરેકના બસની વાત નથી. એક પતિ-પત્નીની આ વાત છે. પતિ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ હતો. પત્ની પણ એક ઓફિસમાં જોબ કરતી હતી. ઘરનો હિસાબ પણ પત્ની જ રાખતી હતી. પતિ ક્યારેય પત્નીને સેલેરીનું શું કરે છે, ક્યાં ઈન્વેસ્ટ કરે છે, ઘરનું બજેટ કેવી રીતે મેઈન્ટેન કરે છે એ પૂછે નહીં. પત્નીની આર્થિક બાબતોમાં માથું જ ન મારે એક દિવસ પત્નીએ પૂછ્યું, તું સી.એ. છે તો પણ કેમ ક્યારેય હિસાબ વિશે કઈ પૂછતો નથી ? પતિએ કહ્યું કે, ઈરાદાપૂર્વક અને સમજી-વિચારીને કંઈ પૂછતો નથી. એનું કારણ એ છે કે હું ઓફિસમાં જેના હિસાબ જોઉં છું ને એમાં મારી નજર એના ઉપર જ હોય છે કે, આમાં કંઈ ભૂલ તો નથી ને ? મારી દાનત જ એમાંથી ભૂલો શોધવાની અને ભૂલો કાઢવાની હોય છે. મારે તારા વ્યવહારો કે તારા નિર્ણયોમાં કોઈ ભૂલ કાઢવી નથી એટલે હું માથું મારતો નથી ! પત્નીએ કહ્યું, ગજબનો છે તું ! તારા વ્યવસાય માટે જ આવો અભિપ્રાય ધરાવે છે ? પતિએ કહ્યું, કેમ ? હું કેવો અભિપ્રાય ધરાવું છું ? પત્નીએ કહ્યું, તેં જ એવી વાત કરી કે તારું કામ ભૂલો શોધવાનું અને ભૂલો કાઢવાનું જ છે ! તને એવો વિચાર કેમ નથી આવતો કે

મારું કામ ભૂલો સુધારવાનું છે ? આપણા કામને, આપણા સંબંધને અને આપણી જિંદગીને જોવાનો આપણો દૃષ્ટિકોણ કેવો છે, એ બહુ મેટર કરતું હોય છે. આપણે એકબીજાની ભૂલો કાઢીશું, તો પણ ઈરાદો ભૂલ શોધવાનો નહીં, ભૂલ સુધારવાનું હશે ! પતિએ કહ્યું કે, પછી તને એવું નહીં લાગે ને કે મારો વાંક કાઢે છે ? પત્નીએ બહુજ સલુકાઈથી કહ્યું કે, એ તો દાનત ઉપર નિર્ભર કરે છે ! અગેઈન, વાત તો એ જ છે કે દાનત ભૂલ કાઢવાની, વાંક શોધવાની કે પછી ભૂલ સુધારવાની છે !

આપણે જ્યારે કોઈને કંઈ કહીએ છીએ, ત્યારે આપણો ઈરાદો શું હોય છે ? કંઈક તો ઈરાદો હોય જ છે. ક્યારેક સારું લગાડવાનો, ક્યારેક ઈમ્પ્રેસ કરવાનો, ક્યારેક વાહવાહી કરવાનો, મને આવડે છે એ બતાડવાનો, કંઈ ન હોય તો છેલ્લે આપણે એ સાબિત કરવા મથતાં હોઈએ છીએ કે, હું કંઈ મૂર્ખ નથી. મને ખબર પડે છે. મારામાં એટલી બુદ્ધિ છે. દરેક માણસની ઈચ્છા એવી હોય છે કે, લોકો મને સમજુ, ડાહ્યો, હોશિયાર, મેચ્યોર અને અનુભવી સમજે. છેલ્લે એવું પણ હોય છે કે, બીજું કંઈ ન સમજે તો કંઈ નહીં, મને મૂર્ખ તો ન જ સમજવા જોઈએ !

કોઈ કોઈનો વાંક કાઢે ત્યારે પણ આપણે એ તો વિચારતાં જ હોઈએ છીએ કે, ખરેખર એનો વાંક છે ? એક ઘરની આ વાત છે. દીકરીથી કાચનું એક ફ્લાવરવાઝ તૂટી ગયું. મા તેના પર ગુસ્સે થઈ ગઈ. જોઈને નથી ચલાતું ? તારા હાથે તોડફોડ જ થતી હોય છે. પિતાએ કહ્યું એનું ધ્યાન નહોતું, એને દોષ ન દે, એમાં એનો શું વાંક છે ? કેમ એનું ધ્યાન નહોતું એમાં એનો વાંક નહીં ? પત્નીએ પૂછ્યુ. પતિએ એવું કહ્યું કે, તું ક્યારેક એ જગ્યાએ ફ્લાવરવાઝ મૂકતી નથી. તેં મૂક્યું એમાં તારો વાંક નહીં? દીકરીએ હસીને કહ્યું, હવે તમે એકબીજાનો વાંક ન કાઢો. મારોય કંઈ વાંક નહોતો. હા, મારી બેપરવાહી ચોક્કસ હતી. મારી ભૂલ થઈ ગઈ. બીજી વાર ધ્યાન રાખીશ. અજાણતાં ચોક્કસ હતી. મારી ભૂલ થઈ ગઈ. બીજી વાર ધ્યાન રાખીશ. અજાણતાં થઈ જતી ભૂલમાં વાંક શોધવાનું ટાળવું જોઈએ. થઈ ગયું એ થઈ ગયું. મારો ઈરાદો નહોતો.

આપણે હંમેશાં એવું સાંભળતાં આવ્યાં છીએ કે, કોઈને પોતાનો વાંક ક્યારેક દેખાતો નથી. સાવ એવું હોતું નથી. આપણને પણ ઘણી વખત સમજાતું હોય છે કે, વાંક મારો છે. મારે આવું કરવું જોઈતું નહોતું. એક પતિ-પત્નીને ઝઘડો થયો. પત્ની પિયર ચાલી ગઈ. પિયર આવીને એણે પિતાને બધી વાત કરી. પિતાએ બધી વાત ધ્યાનથી સાંભળીને કહ્યું કે, જે થયું એમા તારો કંઈ વાંક નથી. દીકરીએ પૂછ્યું કે, પપ્પા, ખરેખર મારો કંઈ વાંક નથી ? મને કેમ એવું થાય છે કે મારો વાંક છે. મને સારી રીતે રહેતાં નથી આવડતું ! મારાથી ઉશ્કેરાઈ જવાય છે ! પિતાએ કહ્યું કે, દીકરા, એ મામલામાં હું જજ બનવાનો પ્રયાસ નહીં કરું. તને જો તારો ક્યાંય વાંક લાગતો હોય તો એનું ગિલ્ટ નહીં રાખ, એને સુધાર. બનવાજોગ છે કે, છેલ્લે જે ઘટના બની એમાં તારો વાંક ન હોય, પણ વાંક શોધવાથી વાત પૂરી થઈ જતી નથી. ઘણી વખત વાંક મૂડનો હોય છે. એકબીજાંનો વાંક કાઢવામાં આપણે ઘણી વખત આપણું જ અહિત કરતાં હોઈએ છીએ. દરેક વખતે ઘટનાને મારી કે તારી, હું કે તું એ રીતે ન જોવી જોઈએ, એ ઘટનાને આપણી ગણીને મૂલવવી જોઈએ. બે વ્યક્તિ જ્યારે પોતાને એક ગણે ત્યારે હાર, જીત, સફળતા, નિષ્ફળતા, વાંક સહિત બધું જ સહિયારું હોય છે.

એ પતિ-પત્નીની આ વાત છે. સ્વાભાવિક રીતે જ બંને વચ્ચે ક્યારેક ઝઘડાઓ થઈ જતાં. પત્ની પતિનો વાંક કાઢે, પતિનો વાંક હોય કે ન હોય એ સોરી કહી દે. હશે, મારો વાંક, બસ ! હવે ગુસ્સો થૂંકી દે. એક વખત ઝઘડો થયા પછી પત્નીને એવું લાગ્યું કે, આ વખતે મારો વાંક છે. તો પણ એ ઝઘડતી રહી. પતિએ સોરી કહ્યું. પત્નીએ આખરે પતિને પૂછ્યું, તારો વાંક ન હોય તો પણ તું સોરી કહી દે છે ? પતિએ કહ્યું, હા, મારો વાંક ન હોય તો પણ હું સોરી કહી દઉં છું. સાચું કહું ઝઘડો થાય ત્યારે હું વાંક કોનો છે એ વિચારતો જ નથી. એવું જ વિચારું છું કે ઝઘડો ન થવો જોઈએ. વાંક તારો હોય કે મારો, મૂડ અને માહોલ બંનેનો બગડે છે. વાંક શોધવાની મહેનત જ ન કરવી જોઈએ, કારણ કે વાંક શોધવા પછી વાંધા વધવાનાં જ છે. તારો વાંક કાઢીને, તારો વાંક શોધીને મારે કંઈ જ સાબિત નથી કરવું. મારે તો ફક્ત એટલું જ સાબિત કરવું છે કે હું તને પ્રેમ કરૂં છું. મારા માટે તું સૌથી વધુ મહત્ત્વની વ્યક્તિ છે. સંબંધમાં એ મહત્ત્વનું છે કે આપણે આપણી વ્યક્તિમાં શું શોધીએ છીએ, વાંક કે વહાલ ?

**છેલ્લે સીન :** આપણે સારું શોધીએ છીએ કે ખરાબ, એમાં બહુ તકેદારી રાખવાની હોય છે, કારણ કે છેલ્લે તો આપણે જે શોધતાં હોઈએ એ જ આપણને મળી જતું હોય છે.

# નવેસરથી પ્રેમમાં પડવું....

❑ વીનેશ અંતાણી

**પતિ-પત્ની વચ્ચેનો પ્રેમ ઝાંખો પડ્યો હોય, કડવાશ આવી ગઈ હોય કે રૂટિન થઈ ગયેલા જીવનમાં પ્રેમનો અપેક્ષિત ભાવ ખોવાઈ ગયો હોય તો એની શોધ કરી શકાય....**

એક કાર્યક્રમમાં આધેડ વયના પુરૂષને પૂછવામાં આવ્યું કે, છેલ્લા એક વર્ષ દરમિયાન એના જીવનમાં કંઈ મહત્વની ઘટના બની. એણે જરા પણ ખચકાયા વિના તરત જ જવાબ આપ્યો - હું પ્રેમમાં પડ્યો છું. તે સાંભળીને બધા ડઘાઈ ગયા. પરિચિતો જાણતાં હતા કે સાઠની નજીક પહોંચેલા એ પુરૂષનું દાંપત્યજીવન બધી રીતે સુખી અને સમૃદ્ધ હતું. એની પત્ની સુશીલ, સમજદાર, ઘરરખ્ખું અને રૂપાળી મહિલા હતી. એ પણ તે કાર્યક્રમમાં ઉપસ્થિત હતી. લોકોમાં ચણભણાટ શરૂ થયો. આ કેવો પતિ છે. જે પત્નીની હાજરીમાં બેધડક કહી શકે છે કે એ પ્રેમમાં પડ્યો છે. બધાએ મહિલા સામે જોયું. એના મોઢા પર કોઈ ભાવ નહોતો. એ પતિ સામે અપલક જોતી હતી. લોકોને લાગ્યું કે એ બતાવતી નથી, પંરતુ અંદરથી અકળાતી હશે. એણે પતિની આવી જાહેર કબૂલાતની અપેક્ષા રાખી નહીં હોય. એમની વચ્ચ જે બન્યું હોય તે, પરંતુ એને આ રીતે પ્રગટ કરવાની બેશરમી સહન કરી શકતી નહીં હોય. પુરૂષના મોઢા પર સ્મિત હતું. એ ફરી બોલ્યો - હા, બધાની વચ્ચે જાહેર કરું છું કે હું પ્રેમમાં પડ્યો છું, નવેસરથી, મારી પત્ની સાથે. સ્તબ્ધ શ્રોતાઓમાં રાહતના ભાવ સાથે આશ્ચર્ય ફેલાયું. પોતાની પત્ની સાથે નવેસરથી પ્રેમમાં પડવું એટલે શું ?

પચાસની ઉમરની નજીક પહોંચેલા એક વિદેશી દંપતિના જીવનમાં કટોકટી ઊભી થઈ હતી. તેઓ ઘણાં સમયથી એકબીજાથી અતડાં રહેવા લાગ્યા હતાં. દેખીતી રીતે ઝઘડા થતાં નહીં પરંતુ અંતર વધ્યું હતું. ફરિયાદનાં કારણે મળતાં હતાં. સતત નારાજગીનો ભાવ રહેતો હતો. સાથે રહેવું અઘરું થઈ પડ્યું હતું. છૂટાછેડા લઈ અલગ થવું સરળ ઉપાય હતો, પરંતુ તેઓ એ રીતે નિષ્ફળ જવા માગતાં ન હતાં. એમણે પ્રેમલગ્ન કર્યા હતા. એમણે લાંબી મસલત કરીને એક પ્રયોગ કરવાનું વિચાર્યું. બંને અલગ થઈ ગયા અને એકલા રહેવા લાગ્યા. એકાદ વર્ષ પછી પતિએ પત્નીને ફોન કરી એક રેસ્ટોરંટમાં ડિનર માટે બોલાવી. લગ્ન પહેલાં એ લોકો તે રેસ્ટોરંટમાં મળતાં. એ જ ખૂણાનું ટેબલ, કેન્ડલ લાઈટ ડિનર. પહેલી વાર મળતાં હોય તેમ સહજભાવે વાતો કરીને છૂટા પડ્યાં. બે-ત્રણ અઠવાડિયા પછી સુંદર સરોવરના કાંઠે બોટીંગ કર્યું, છૂટા પડ્યાં. એ સ્થળ પણ પ્રેમ કરવાના સમય સાથે જોડાયેલું હતું. આ ક્રમ ઘણો સમય ચાલ્યો. અંતે પત્નીએ પતિને એક હિલ સ્ટેશન પર આવવાનું નિમંત્રણ આપ્યું. ત્યાં ગયા પછી પત્નીએ પૂછ્યું - તને આ જગ્યા યાદ છે ? અહીં જ પતિએ પત્ની બનેલી પ્રેમિકાને લગ્ન માટે પ્રપોઝ કર્યું હતું. હવે વર્ષો પછી લગ્નજીવન તૂટવાના આરે હતું ત્યારે, પતિએ પત્નીને ફરી પ્રપોઝ કર્યું : તું મારી સાથે રહેશે ? બંને એકબીજાને ભેટીને ખૂબ રડ્યાં અને ત્યાંથી સીધા જ એમના મૂળ ઘેર ગયા અને પ્રેમપૂર્વક સાથે જીવ્યાં. એમણે મૃતઃપ્રાય થઈ ગયેલા પ્રેમને સજીવન કર્યો હતો. એમણે કહ્યું હતું જીવનની અન્ય અગ્રતામાં અમારો પ્રેમ કાટમાળ નીચે દબાઈ ગયો હતો. અમારે તે કાટમાળ ખોદી પ્રેમ ફરી શોધવાનો હતો. અમે અમારી જૂની જગ્યાઓમાંથી અમને શોધી કાઢ્યાં.

પત્ની સાથે પ્રેમમાં પડવું નવો આરંભ છે. દાંપત્યજીવન ચઢાવ-ઉતાર પછી પતિ-પત્ની વચ્ચેનો પ્રેમ ઝાંખો પડ્યો હોય, કડવાશ આવી ગઈ હોય કે રૂટિન થઈ ગયેલા જીવનમાં પ્રેમનો અપેક્ષિત ભાવ ખોવાઈ ગયો હોય તો એની શોધ કરી શકાય. કરવી જ જોઈએ. સંતાનોના ઉછેર પાછળ સારો એવો સમય અને શક્તિ ખરચાયાં હોય, પરિવારના અન્ય સભ્યોની દેખભાળ રાખવાની જવાબદારી હોય, આર્થિક ઉપાર્જનની દોડધામનો થાક લાગ્યો હોય ત્યારે દંપતિ એકબીજા તરફની નિકટતા ભૂલી જાય છે. લગ્નજીવનના આરંભનો રોમાંચ, સંબંધની હૂંફ અને લાગણીની ઉત્કટતા પાછળ ખસતાં જાય એવું બને.

સાચો પ્રેમ ક્યારેય ખોવાતો નથી, શક્ય છે કે ખોરવાઈ જતો હોય. જીવનના એક તબક્કા પછી પતિ-પત્ની ફરી મોઢામોઢ થઈ જાય છે. સંતાનો મોટા થઈને એમના જીવનમાં ઓતપ્રોત થયાં હોય ત્યારે એકલા પડેલા પતિ-પત્ની અજાણ્યાની જેમ બાકીની જિંદગી ઘસડે નહીં, પણ નવા ઉમંગ સાથે જીવવા લાગે તો પાછલી વય આકરી લાગતી નથી. વીતેલા સમયની મધુર યાદોને મનમાં લાવી એકબીજાની નવેસરથી શોધ કરવાથી પ્રેમ નવપલ્લવિત થાય છે. દાંપત્યજીવનના લાંબા વર્ષોમાં પતિ-પત્નીનું ભાવજગત ઘણીવાર સપાટ થઈ જાય ત્યારે મૂળ વ્યક્તિને ફરી શોધવી જોઈએ. તેઓ લગ્નજીવનના આરંભમાં હતાં તે જ વ્યક્તિને ફરી શોધવી જોઈએ. તેઓ લગ્નજીવનના આરંભમાં હતાં તે જ વ્યક્તિ હોય છે, ઉપર ધૂળ છવાઈ હોય તો ખંખેરી નાખવી પડે. આ સમય હોય છે જૂના પ્રેમ અને એક સમયના મધુર સંબંધને ચકચકિત કરવાનો. એક સમયે જેના વિના એક ઘડી પણ રહી શકાતું નહીં તેને ફરી પામવાનો. મન ખૂલ્લું રાખી પ્રેમભર્યો નવો સહપ્રવાસ શરૂ કરવાનો પણ આ તબક્કો છે. વધતી ઉમરમાં પતિને પત્નીની અને પત્નીને પતિની ભાવાત્મક આવશ્યકતા વધે છે. ફરી પ્રેમમાં પડવાની તૈયારી હોય તો વૃદ્ધાવસ્થાનો ખાલીપો પુરાય, જીવન જીવવા જેવું લાગે. વૃદ્ધ દંપતિએ તો સવાર પડતાંની સાથે જ દરરોજ નવેસરથી પ્રેમમાં પડવું જોઈએ.

## અમુક સંબંધો તૂટ્યા પછી પણ છૂટતા હોતા નથી

❑ કૃષ્ણકાંત ઉનડકટ

**પાગલોની જેમ ઓલ્યાં ચાહનારાં ક્યાં ગયાં ?**
**હોય જો તમને ખબર તો આપવા અનુરોધ છે,**
**હોય તૈયારી તમારી રોજ એને સિંચવાની,**
**એ જ શરતે લાગણીને વાવવા અનુરોધ છે.**
**- કિશોર જિકાદરા**

સંબંધોને સુખનો આધાર ગણવામાં આવે છે. જેના સંબંધો સજીવન છે એ માણસ નસીબદાર છે. માણસ સંબંધ વગર જીવી ન શકે. માણસને માણસની જરૂર પડે છે. માણસને બધા વગર ચાલે પણ માણસ વગર ચાલતું નથી. આપણને સૌને કોઈક જોઈતું હોય છે. વાત કરવા માટે, વ્યક્ત થવા માટે, હળવા થવા માટે, ખાલી થવા માટે, ઊભરો ઠાલવવા માટે !



આપણે ક્યારેક ભરાઈ જઈએ છીએ, માણસે પણ ખાલી થવું પડતું હોય છે. ગળામાં ભરાઈ ગયેલો ડૂમો વાંસામાં ફરતા હાથથી જ ઓગળતો હોય છે. માણસ ક્યારેક શોષાઈ જાય છે, ક્યારેક છલકાઈ જાય છે, ક્યારેક અટકી જાય છે, ક્યારેક ભટકી જાય છે ! આવી દરેક ઘટના વખતે કોઈ સાથ અને કોઈ હાથની જરૂર પડે છે. ગબડી પડીએ તેમ હોઈએ ત્યારે એ હાથ રોકી રાખે છે અને અટકી પડ્યાં હોઈએ ત્યારે એ હાથ થોડોક ધક્કો મારીને આગળ વધારે છે. વિચારે ચડી ગયા હોઈએ ત્યારે કોઈ આપણને ઝંઝોળીને પૂછે છે કે, 'ઓયે ક્યાં છે તું ?' આવા હાથ આપણને પાછા આપણા સુધી લઈ આવે છે.

સંબંધો આપણી હયાતી પર હસ્તાક્ષર કરતાં રહે છે. સંબંધો જીવવાનું કારણ હોય છે. આપણા દરેકની જિંદગીમાં કોઈક એવું હોય છે, જેના માટે આપણે જીવતાં હોઈએ છીએ. હાજરી વખતે તો ઠીક છે, ગેરહાજરી વખતના વિચારો પણ આવી જતાં હોય છે. હું નહીં હોઉં તો એનું શું થશે ? આપણે પણ કોઈનો આધાર હોઈએ છીએ. આપણા આધારે પણ કોઈ ટકી રહેતું હોય છે. આપણો ફોન બંધ મળે કે નો રિપ્લાય થાય તો પણ કોઈના શ્વાસ અદ્ધર થઈ જાય છે.

એક પ્રેમી-પ્રેમિકાની આ વાત છે. પ્રેમિકા એના પ્રેમીને સતત ફોન કરતી હતી. દરેક વખતે ફોન નો રિપ્લાઈ થતો હતો. પ્રેમિકાનો જીવ તાળવે ચોંટી ગયો. આવું તો ક્યારેય ન બને ! મારો ફોન તો એ કોઈ પણ સંજોગોમાં ઉપાડે જ ! નક્કી કંઈ અજુગતું થયું હોવું જોઈએ. એનાથી રહેવાતું નહોતું ! શું કરું ? આખરે પ્રેમિકાએ પ્રેમીની બહેનને ફોન લગાડ્યો. પૂછ્યું કે, એ ક્યાં છે ? પ્રેમીની બહેને કહ્યું કે એ તો ઘરમાં જ છે ! ઊભી રહે, હું ચેક કરૂં છું. બહેન ભાઈના રૂમમાં ગઈ તો ભાઈ સૂતો હતો. તેણે ભાઈને ઉઠાડીને કહ્યું કે, ફોન કેમ નથી ઉપાડતો ? ભાઈએ સફાળા જાગીને જોયું તો ફોન સાયલન્ટ મોડમાં હતો ! પ્રેમિકાના દસ મિસ્ડ કોલ હતા ! એને ખબર જ નહોતી કે, ફોન કેવી રીતે અને ક્યારે સાયલન્ટ થઈ ગયો હતો ! પ્રેમિકાએ પ્રેમીને કહ્યું કે, હું તો ગભરાઈ ગઈ હતી. કેવા કેવા વિચારો આવી ગયા થોડી જ ક્ષણોમાં !

પ્રેમીએ પૂછ્યું, કેવા વિચારો આવ્યા હતા ? પ્રેમિકાએ કહ્યું એવા વિચારો કે તને કંઈ થઈ ગયું તો નહીં હોય ને ? પ્રેમીએ પૂછ્યું કંઈ થઈ ગયું હોય તો ? પ્રેમિકાએ કહ્યું, પ્લીઝ એવું નહીં બોલ !

પોતાની વ્યક્તિને કંઈ થઈ જાય તો ? એ વાત સાવ સાચી છે કે કોઈ કોઈના વગર મરી જતું નથી, પણ જીવાતું હોય છે એ ક્યાં જિંદગી જેવું હોય છે ? એક પ્રેમી-પ્રેમિકા હતાં. પ્રેમિકા ક્યાંય પણ જવાનું હોય ત્યારે એક જ વાત કહેતી કે, તું જાય ત્યારે મને લેતો જજે ! પ્રેમીએ એક વાર મજાકમાં કહ્યું કે, ઉપર જઈશ ત્યારે ? પ્રેમિકાની આંખો છલકાઈ ગઈ.

એ બોલી કે, મારે તારી પહેલાં જવું છે. તું મને લેવા નહીં, મૂકવા આવજે ! ક્યારેક મજાક-મજાકમાં થઈ જતાં સંવાદો પણ કેવા અઘરા લાગતાં હોય છે ! એટલે જ એવું કહેવાનું મન થઈ આવે કે, જ્યારે પોતાની વ્યક્તિ સાથે ઝઘડો થાય, નારાજગી હોય ત્યારે માત્ર એટલે વિચાર કરજો કે, એ ન હોય તો ? એને પૂછો જેની પાસે ઝઘડવાવાળું કોઈ નથી, મનાવવાવાળું કોઈ નથી, છાનું રાખવાવાળું કોઈ નથી !

જિંદગીના અમુક સંબંધો અલ્પજીવી હોય છે. લાઈફટાઈમ તો જિંદગીમાં ક્યાં કશું જ હોય છે ? સંબંધોનું પણ એક આયુષ્ય હોય છે. અમુક સંબંધો ટૂંકું આયખું લઈને જ આવતા હોય છે. આ નાનકડા સમયમાં પણ કેટલું બધું જીવાયું હોય છે ? જિંદગીનો અમુક સમય છલોછલ અને તરબતર રહેતો હોય છે. એ બેસ્ટ ટાઈમ આપણે કોઈની સાથે જીવ્યો હોય છે. તું હતો ત્યારે જિંદગી જીવવા જેવી હતી કે તું હતી એ જ જિંદગીનો શ્રેષ્ઠ સમય હતો. અત્યારે તમારી સાથે છે એના વિશે તમને એવું ફીલ થાય છે કે, અત્યારે બેસ્ટ સમય છે ? આપણને મોટા ભાગે જ્યારે જે હોય છે, એની કદર, કિંમત કે સમજ નહીં રહેતી, એ ન હોય ત્યારે જ આપણને ભાન થયા છે કે એ જિંદગીમાં કેટલી કે કેટલો મહત્ત્વનો હતો !

એક પ્રેમી-પ્રેમિકા જુદાં પડી ગયાં. સાથે રહી શકાય એમ નહોતું એટલે બંને પ્રેમથી જુદાં પડયાં હતાં. લાંબા સમય પછી બંને અનાયાસે ભેગાં થઈ ગયાં. બંને બહુ પ્રેમથી મળ્યાં. પ્રેમિકાએ હસતાં હસતાં પૂછ્યું, શું ફેર લાગ્યો હતો મારા ગયા પછી ? પ્રેમીએ પહેલાં તો કહ્યું કે, શું ફેર લાગ્યો હતો એવું ન પૂછ, શું ફેર લાગે છે એ પૂછ ! પ્રેમીએ પછી કહ્યું કે તારી સાથેની અને તારા વગરની જીંદગીમાં બસ પરપોટા અને ફરફોલાં જેટલો ફેર છે ! પરપોટાની નજાકત ફરફોલાંની વેદના જેવી બની ગઈ ! હા, તું કંઈ મારું દિલ તોડીને નહોતી ગઈ, મને એ પણ ખબર જ હતી કે તારા મોઢે તો મારા માટે પ્રાર્થનાઓ જ હશે, પણ આ દિલનું શું કરવું ? હું પણ એવું જ વિચારતો હતો કે તારી સાથેની સારી યાદોને જ વાગોળવી. એ પછી જ સમજાય કે સારી યાદો કદાચ વધુ પીડા આપે છે ! સુખ યાદ આવી જાય એનું પણ દુઃખ થઈ આવતું હોય છે ! સંબંધો તૂટ્યા પછી પણ ક્યાં છૂટતા હોય છે ! સંબંધો તૂટ્યા પછી પણ ક્યાં છૂટતા હોય છે ? તારું નામ નોટબુકના પાનાં પર લખ્યું હતું. એ પાનું ફાડીને ફેકી દીધું. પણ નીચેના પાનાં પર તારા નામની સળ પડી આવી હતી, એનું શું ?

એક પતિ-પત્નીની આ વાત છે. બંને પ્રેમથી રહેતાં હતાં. અમુક સમયે બંને વચ્ચે ઝઘડાઓ થતાં. પત્નીને ડાયરી લખવાની આદત હતી. પતિ સાથે જ્યારે પણ ઝઘડો થાય ત્યારે એ બધો જ રોષ ડાયરીમાં લખીને ઠાલવી દેતી. થોડા વર્ષો પછી એક અકસ્માતમાં પતિનું મૃત્યુ થયું. પતિની સારી વાતો પણ એણે ડાયરીમાં લખી હતી. પતિની યાદ આવતી ત્યારે એ ડાયરી વાંચવા બેસી જતી ! ડાયરી વાંચતાં વાંચતાં એ પાનાં આવ્યાં જેમાં તેણે પતિ સાથે ઝઘડો થયો હોય એ વખતે લખ્યા હતા. એને થયું, કેટલો બધો રોષ હતો, કેટલો બધો ગુસ્સો હતો ! શબ્દે શબ્દમં નારાજગી હતી ! એ રડવા લાગી ! તેણે નક્કી કર્યું કે, આ યાદો મારે નથી રાખવી. તેણે તરત ડાયરીના એ પાનાં ફાડી નાખ્યા ! એ પછી એને એટલો જ વિચાર આવી ગયો કે, કાશ, એ સમયને જ મેં આવવા દીધો ન હોત તો કેવું સારું હતું ? કોણ ક્યાં સુધી સાથે છે એ કહેવું અઘરું છે એટલે જ સાથે છે એની સાથે જીવો લો. અફસોસ ન થાય એ માટે જિંદગીના દરેક અવસરને માણી લો !

છેલ્લો સીન : જે વ્યક્તિ આપણા સુખનું કારણ હોય એને દુઃખી કરવી એ પણ એક પ્રકારની બેવફાઈ જ છે !

# કારકિર્દી એટલે?

❑ નીપા પરેશ (કાંદિવલી)

પોતાના સંતાનોની સુવર્ણ કારકીર્દિ બનાવવા માટે માતાપિતા જંગે ચડતા હોય તેવી તૈયારી કરતા હોય છે. એડમિશન ક્યાં લેવું અને કઈ વિદ્યાશાખા પસંદ કરવી એ અંગે તો અનેક મતભેદો છે ને મગજ ચકરાઈ જાય એ હદે જટિલતા છે. બાળક ૧૦માં ધોરણમાં પ્રવેશ એટલે તરત જ તેના માતા-પિતાને હવે તે ક્યા ક્ષેત્રમાં પોતાની કારકિર્દી ઘડશે તેની ચિંતા સતાવવા લાગે છે.

સ્પર્ધાના યુગમાં પોતાનું સંતાન અન્ય કરતાં પાછળ ન રહી જાય તે માટે માતા-પિતા બાળકના અભ્યાસમાં કોઈ કસર રહેવા દેતા નથી. સારી શાળા, ટ્યુશન ક્લાસીસ, બાળકનો સમય ના બગડે તો ટુ વ્હીલરની વ્યવસ્થા અનેક આયોજનો માત-પિતા પોતાનાં સંતાન માટે કરતા હોય છે. આટલું કર્યા પછી  પણ જ્યારે બાળકનું પરિણામ ધારણા મુજબનું ન આવે ત્યારે સમગ્ર પરિવાર પર હતાશાના વાદળો ઘેરાઈ જાય છે અને એનાથી ઉલટુ બાળકોનું પરિણામ જો સારું આવે મેડિકલ-પેરામેડિકલ કે એન્જિનિયરિંગની પ્રતિષ્ઠિત શાખામાં પ્રવેશ મેળવવા માટેની મથામણ અને ઘોડા દોડ શરૂ થઈ જાય છે.

કારકિર્દીની પસંદગીની બાબતમાં બહુધા આપણે ગાડરિયા પ્રવાહને જ અનુસરીએ છીએ આજુબાજુ, પડોશમાં રહેતા મિત્રોના સંતાનો જે ક્ષેત્ર પસંદ કરે તે ક્ષેત્રમાં કદાચ પોતાના સંતાનને રસ ન પણ હોય એવું પણ બને. પરંતુ આપણો આગ્રહ કહો કે દુરાગ્રહ આપણા સંતાનને તે દિશાએ જ લઈ જાય છે. આપણા સપના પુરા કરવા માટે આપણાં સંતાનોની ક્ષમતા પણ એવી પ્રબળ હોવી જોઈએ. સંતાનોની ક્ષમતાને પિછાણીને કારકિર્દીના ઘડતર અંગે વિચાર કરવો ખૂબ જરૂરી છે. એ ન ભૂલવું જોઈએ કે ઈશ્વરે પ્રત્યેક વ્યક્તિને અજોડ ઘડી છે. કલ્પના કરીએ, કે દુનિયામાં જો બધા જ ડોક્ટર હોત તો? બધા જ પ્રોફેસર કે વકીલ હોત તો? તો માનવીની બધી જરૂરિયાતો ક્યારેય સંતોષાતી ન હોત.

કારકિર્દી એટલે શું? કારકિર્દી એટલે વ્યક્તિએ જીવનમાં મહત્વ સમય માટે પસંદ કરેલી એવી પ્રવૃત્તિ કે જેનાથી તેની બૌદ્ધિક, આર્થિક અને સામાજિક પ્રગતિ થાય.

કારકિર્દી એટલે વ્યક્તિની અભ્યાસ, નોકરી અને ઈતર પ્રવૃત્તિની સફર. સફર આનંદમય ત્યારે જ બને જ્યારે તે પોતાની મનપસંદ કેડી હોય તો કારકિર્દી પણ મનપસંદ હોવી જોઈએ ને!

સોશિયલ મીડિયા પર બહુચર્ચિત બોર્નવિટાની જાહેરાત *lookbeyondmarks* દરેક માતા-પિતાએ જોવા જેવી છે. બહુ સુંદર આલેખન કરવામાં આવ્યું છે. એક કપડાનો શોરૂમ છે, જેમાં એક જ કલરના અને એક જ માપના કપડા મૂકવામાં આવ્યા છે. કસ્ટમર આવીને પોતાની સાઈઝ કે પોતાને અનુરૂપ કલરની માગણી કરે, ત્યારે બાળકો આવીને કહે કે તમને બીજાની સાઈઝ ફીટ આવશે? દરેકને એક સરખો કલર ગમશે? ના, નહિને! તમને તમારા પસંદના કે સાઈઝના કપડા ન મળે તો તમે કેવા મૂંઝાઈ જાઓ છો! તો વિચારો, જો અમને અમારા પસંદની કારકિર્દીમાં જોડાવા ન મળે તો?

ખરેખર! વિચારવા લાયક બાબત છે. શું આપણે આપણા બાળકોને કારકિર્દી માટે તેની પસંદ-નાપસંદનું ધ્યાન રાખીએ છીએ? કે પછી કેવળ સમાજમાં કહેવાતી પ્રતિષ્ઠિત કારકિર્દી ઘડવા માટે તેને દબાણ કરીએ છીએ.

આપણા સંતાનોના જાગૃતિપૂર્વક, ખુલ્લી આંખે જોયેલા સપનાઓને વાસ્તવિકતામાં બદલવા માટે કારકિર્દી બાબતનો ઉત્તમ અને યોગ્ય નિર્ણય લેવો ખૂબ જરૂરી છે. તેમના નિર્ણયને આપણે સ્વીકારવો જોઈએ અને એ રસ્તે જવા પ્રેરણા આપવી જોઈએ. સ્વામી વિવેકાનંદ કહે છે. *We are what our thoughts have made us.*

આદર્શ માતા-પિતા બનવા માટે આપણે આપણા વિચારોમાં ધરમૂળથી ફેરફાર કરવો જ પડશે. આપણાં સંતાનોના જીવનમાં પરિવર્તન લાવવા તેના સપનાઓને પૂરા કરવા આપણા વિચારોનું પરિવર્તન ખૂબ જરૂરી છે. કારકિર્દીને અર્થ ઉપાર્જન માટે ઘડવું ને કારકિર્દીમાં નિપુણતા હાંસલ કરી અર્થ ઉપાર્જન કરવું. આ બે વચ્ચે પાતળી ભેદરેખા છે. ભવિષ્યને ઉજળું બનાવવાની લ્હાયમાં ક્યાંક આપણે તેઓનું વર્તમાન તો ધૂંધળું નથી બનાવતા ને એ જાણપણુ રાખવું પડે.

આર્થિક રીતે સદ્ધર બનાવવાની સાથે તેને માનવીય મૂલ્ય સાથે સધ્ધર બનાવીએ, સાંસ્કૃતિક વારસા સાથે સધ્ધર બનાવીએ. સંતાનોના ભવિષ્ય માટે ઉજળો રસ્તો બનાવવા કરતા ઉજ્જવળ ભવિષ્ય માટે નવયુવાન બનાવીએ. ફ્રેન્કલિન રૂઝવેલ્ટે કહ્યું છે કે, *We cannot always build the future for the youth but we can build youth for the future.* સંસ્કારીત યુવાની કેવળ સમાજનું, દેશનું જ નહીં પણ વિશ્વનું એવું યુવાધન છે જે અવરોધોને પડકારીને પણ સફળતા હાંસલ કરશે જ. તરવરતી યુવાનીનો અવાજ. *Either I will find a way or, I will make one.* સમજો છો અમને શું? કંઈ મૂંઝાઈ મરી જવાનાં! રસ્તા નહીં મળે તો રસ્તા કરી જવાના!

## અવસાન નોંધ

### શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન મરણ

❖ રવની (મજેવડી) નિવાસી, હાલ રાજકોટ, મનસુખલાલ નાથાલાલ મહેતા (ઉ.વર્ષ-૬૭) તે સ્વ.નાથાલાલ જસરાજ મહેતાના પુત્ર, પ્રજ્ઞાબેનના પતિ, તેમજ ચિરાગભાઈ, હેમલબેન જયકુમાર શેઠ અને ફોરમ વિશાલકુમાર શાહના પિતાશ્રી, તે સ્વ.શાંતિલાલ શામજીભાઈ મહેતાના જમાઈ, તેમજ સ્વ.દિનેશભાઈ, સ્વ.કિશોરભાઈ, સ્વ.ધનલક્ષ્મીબેન ભાઈચંદ મહેતા, દિલીપભાઈ, જયશ્રીબેન, જયપ્રકાશભાઈ મહેતાના ભાઈ તા.૨૯-૫-૨૦૨૩ના સોમવારે અરિહંત શરણ પામેલ છે.

❖ આકોલા નિવાસી, હાલ કાંદિવલી-મુંબઈ, કનકરાય હરખચંદ વોરા, તે સ્વ.હરખચંદ દામજી વોરાના પુત્ર, તારલતાબેનના પતિ, તે હસમુખભાઈ, સ્વ.રમેશભાઈ, દિલીપભાઈ, નિર્મળાબેન, અરુણાબેન, સરલાબેનના ભાઈ તે સુવિરાગ મહારાજ, સેતલબેન, કલ્પનાબેન નીતાબેન અને જિનેશના પિતાશ્રી, તે સંદીપભાઈ, જયભાઈ, અમિતભાઈ, રશ્મિના સસરા, તે સમકિત, મૈત્રી, યશ્વી, પ્રિન્સી, ધ્રુવી, રિદ્ધિ, દેશનાના ગ્રાન્ડ ફાધર, સોમવારે તા.૨૨-૫-૨૦૨૩ અરિહંત શરણ પામેલ છે.

❖ ધોરાજી નિવાસી સ્વ. હીરાબેન અને સ્વ. ઈશ્વરલાલ નાનાલાલ ખાખરાના પુત્ર વિપુલ ઈશ્વરલાલ ખાખરા (ઉ.વ.૬૨) તા.૨૭-૫-૨૦૨૩ શનિવારના ધોરાજી મુકામે અરિહંત શરણ પામેલ છે. તે જશુભાઈ, હસમુખભાઈ, સ્વ.મનુભાઈના ભત્રીજા સ્વ.હસમુખભાઈ વસા, સ્વ.કનુભાઈ વસાના ભાણેજ. તે મધુબેન વસંતભાઈ વસા, છાયાબેન નરેન્દ્રભાઈ સંઘવી, ઈલાબેન શૈલેષભાઈ મહેતા, જયેશભાઈ તથા સ્વ. રાકેશભાઈના ભાઈ, સોનલબેનના જેઠ તથા ચી.કૃપા, સાક્ષી, રિતિકાના મોટાપપ્પા થાય. ચક્ષુદાન કરેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

❖ જૂનાગઢ ખારચિયા (વાંકુના) નિવાસી હાલ બોરીવલી શ્રી ઝવેરીલાલ વિઠ્ઠલજી કોરડીયાના સુપુત્ર નિલેશના ધર્મપત્ની અ.સૌ.સોનલબેન ઉંમર વર્ષ ૫૧, તારીખ ૪-૬-૨૦૨૩ના સાંજે અરિહંત શરણ પામેલા છે.

❖ ધોરાજી નિવાસી હાલ કાંદિવલી (વેસ્ટ) શ્રી જગદીશભાઈ ભાઈચંદભાઈ વોરા ઉંમર ૭૧ વર્ષ તેઓ રેખાબેનના પતિ તારીખ ૫-૬-૨૦૨૩ સોમવારના રોજ અરિહંત શરણ પામેલ છે. સાસરી પક્ષ : સ્વ. જયંતિલાલ ગુલાબચંદ શાહ (ગુજરવદી) આશિષ વોરા સંપર્ક : ૯૮૭૦૦૦૭૭૭૯, રેખા વોરા સંપર્ક - ૯૮૨૦૯૩૯૮૯૩

## નવા સરનામા

**ASHWIN POPATLAL MEHTA**
B- 1803, NANDANVAN, L. T. ROAD
TYANNI JEWLER BLDG, BORIVALI (WEST.)
MUMBAI 400 092
Mob: .93230 33850, 83691 39491

**MANJULABEN SHANTILAL MEHTA**
RAMBAUG WADI, ROOM NO.11,
2ND FLOOR, MATRU SAMAJ BLDG.,
C. P. TANK, MUMBAI - 400004.

**HITESHBHAI CHHOTALAL VORA**
501, MONALISHA, KASTURBA ROAD,
MALAD (WEST), MUMBAI - 400064.

**VINODBHAI ZAVERCHAND VASA**
B-233/234, KALPTARU, AVANA,
ST. XAVIER STREET, OFF. S.S.RAO MARG,
PAREL (EAST), MUMBAI - 400012.

**શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજ મુંબઈની ભેટની રકમ નીચે લખેલ બેંકના ખાતામાં જમા કરશોજી**

**Name : Shri Sorath Visa Shrimali Jain Samaj**
Banker : Bank of Baroda,
M.J. Market, Mumbai - 400003.
S.B. A/c No.: 03870100000044
IFSC : BARB0BULLIND (આ કોડમાં પાંચમું કેરેક્ટર ઝીરો છે)
MICR : 40012047

(શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજ ટ્રસ્ટની રકમ નીચે લખેલ બેંકના ખાતામાં જમા કરશોજી.

Name : Sorath Visha Shrimali Jain Samaj Trust
Banker : Union Bank of India, Princess Street,
Mumbai - 400002.
S. B. A/c. No. : 319102010054364\
IFSC : UBIN0531910

# BIO-DATA

***Personal Details***

| | | |
|---|---|---|
| **Date of Birth** | : | 7th May 1998 |
| **Place & Time** | : | Sangli (8.06 pm) |
| **Height** | : | 5.5’ |
| **Education** | : | **University of Arts London (2022-2023)**<br>London College of Communication<br>MA Graphic Branding & Identity Design<br>**University of Arts London (2021-2022)**<br>London College of Communication<br>Post Graduate Diploma in Visual Communication<br>**Sophia Polytechnic (2015-2019)**<br>Graduate Diploma in Commercial Arts |
| **Work Exp.** | : | SVI Design London (Part Time)<br>Freelancing (2020-2022)<br>MullenLowe Lintas India (2019-2020)<br>Junior Graphic Designer |

***Personal & Family Background***

| | | |
|---|---|---|
| **Father** | : | Rajesh Vasantlal Shah (M.Tech, IIT Powai) |
| **Occupation** | : | Business (Chemical seeds & fertilizers) |
| **Firm** | : | Owner of V.M. Shah group of companies<br>High School Road, Sangli |
| **Mother** | : | Bhavika Shah (Home Maker)<br>M.: 8698901005 |
| **Sister** | : | (Younger) Virati Shah<br>(11th Std St. Xavier’s College) |
| **Grand Parents** | : | Lt. Shri Vasantlal Monji Shah (Afini)<br>Lt. Shri Jayaben Shah |
| **Native** | : | Jamnagar, Community - Gujarati Swetambar Derawasi Jain (Halar Vishashrimali Jain) |
| **Fai & Fuva** | : | Dr. Satish Mehta (Ms. Ortho) Sangli<br>Dr. Falguni Mehta (Gynec) |
| **Mosal** | : | Shri Vinodrai Chhaganlal Mehta (Jamnagar)<br>Smt. Hansaben Mehta |




## PREKSHA SHAH

### About Me

*Energetic, Artistic, Funloving, Introvert, Spiritual*

| | | |
|---|---|---|
| **Address** | : | Near Nadkarni Hospital, Behind Remand Home, Miraj Road, Sangli (Maharashtra)<br>Tel.: 0233 - 2671317 |
| **Contact** | : | Sangli : Nigambhai Shah - 8805023400, Jatinbhai Shah - 9823144269<br>Jamnagar : Amitbhai Mehta (Mama) - 9377995223 |




Printed & Published by Jayesh S. Vasa on Behalf of Shri Sorath Visashrimali Jain Samaj, Printed at Lucky Printers, First Floor, 40, Mehta Industrial Estate, Liberty Garden, Malad (West), Mumbai - 400 064 & Published from Shri Sorath Visashrimali Jain Samaj, Tarachand Dhanjibhai Mehta Karyalaya, Devkaran Mansion, Block No.7, 2nd Floor, Vithaldas Road, Mumbai - 400 002. Editor : RAJENDRA O. PUNATAR